RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 23, Dt.08-04-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજારમાં માર્કેટ કેપ પ્રથમ વખત ૪૦૦ લાખ કરોડને પાર

## શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીનો દૌર જારીઃ સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ ઊંચકાયોઃ સપ્તાહના પ્રારંભે નિફટીએ વધુ છલાંગ લગાવીઃ બેન્ક, ઓટોમોબાઈલ, એનર્જી સહિતના ક્ષેત્રોના શેરમાં ભારે ઉછાળો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેકોર્ડબ્રેક તેજીમાં રહેલું ભારતીય શેરબજાર નવા નવા ઇતિહાસ સર્જી જ રહ્યું છે. આજે સેન્સેકસ તથા નિફ્ટી વધુ એક વખત ઓલટાઇમ હાઇ થયા હતા. આ સિવાય માર્કેટ કેપમાં પણ નવો રેકોર્ડ સર્જાયો હતો અને તે ૪૦૦ લાખ કરોડને પાર થઇ ગયું હતું.



ભારતીય શેરબજારમાં આજે નવા સપ્તાહના પ્રારંભે તેજીનો દૌર જારી રહ્યો હતો. વિશ્વ બજારના પોઝીટીવ ટ્રેન્ડ તથા ભારતીય અર્થતંત્ર વિશે પ્રોત્સાહક રીપોર્ટને પગલે શરૂઆત જ ગેપઅપ રહી હતી. હેવીવેઇટથી માંડી રોકડાના શેરોમાં ધુમ લેવાલીથી મોટા ભાગના શેરો સતત તેજીના માર્ગે આગળ દોડતા રહ્યા હતા. નાણાં સંસ્થાઓની એકધારી ધુમ લેવાલીની પણ અસર રહી હતી.

જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે માર્કેટમાં પ્રિ-ઇલેકશન રેલી હોવાની છાપ રહી છે. આગામી લોકસભા ચૂંટણીમાં ફરી વખત મોદી સરકાર જ સત્તારૂઢ થવાના સર્વે રીપોર્ટના આધારે માનસ તેજીનું છે. નવી સરકાર આર્થિક સહિતના મોરચે ક્રાંતિકારી પગલા લેશે અને અર્થતંત્રને નવી ઉંચાઇએ લઇ જશે તેવી આશાવાદથી માર્કેટ જોરદાર તેજીમાં રહ્યું છે.

શેરબજારમાં આજે મોટા ભાગના શેરોમાં ઉછાળો નોંધાયો હતો. મહિન્દ્ર, આઇસર મોટર, મારૂતિ, રિલાયન્સ, આઇસીઆઇસીઆઇ બેંક, ઇન્ડુસ ઇન બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, લાર્સન, પાવરગ્રીડ, સનફાર્મા, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, અલ્ટ્રા ટેક સિમેન્ટ, એકસીસ બેંક, બજાજ ફિન્સ સર્વિસ સહિતના શેરો ઉંચકાયા હતા.

મુંબઇ શેરબજારનો સેન્સેટીવ ઇન્ડેક્ષ ૩૯૭ પોઇન્ટના ઉછાળાથી ૭૪૬૪૫ સાંપડયો હતો. જે ઉંચામાં ૭૪૬૭૩ તથા નીચામાં ૭૪૪૧૦ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફ્ટી ૧૧૩ પોઇન્ટના ઉછાળાથી ૨૨૬૨૭ હતો જે ઉંચામાં ૨૨૬૩૦ તથા નીચામાં ૨૨૩૫૦ હતો.

દરમ્યાન શેરબજારે આજે વધુ એક સિધ્ધિ હાંસલ કરી હોય તેમ માર્કેટ કેપ ૪૦૦ લાખ કરોડને પાર થઇ ગયું હતું. આજે કામકાજના પ્રારંભિક તબકકામાં જ બીએસઇનું માર્કેટ કેપ ૪૦૧.૨૪ લાખ કરોડ પર પહોંચી ગયું હતું. પ્રથમ વખત માર્કેટ કેપે આ ઉંચાઇ હાંસલ કરી છે. ભારતીય શેરબજારમાં સૌપ્રથમ માર્ચ-૨૦૧૪માં ૧૦૦ લાખ કરોડનું માર્કેટ કેપ થયું હતું હવે એપ્રિલ-૨૦૨૪માં તે ૪૦૦ લાખ કરોડને વટાવી ગયું છે તે જોતા ૧૦ વર્ષમાં ચારગણુ થયું છે.

છેલ્લા એક વર્ષમાં માર્કેટ કેપમાં ૫૭ ટકાનો અભુતપૂર્વક વધારો નોંધાયો છે. એક વર્ષમાં સેન્સેકસમાં ૨૮.૬ ટકાનો વધારો થયો છે જયારે મીડકેપ ઇન્ડેક્ષ ૬૦ ટકા અને સ્મોલ કેપ ઇન્ડેક્ષ ૬૩ ટકા વધી ગયા છે. રીયલ એસ્ટેટ, ટીએસયુ બેંક, ઓટો મોબાઇલ, એનર્જી, ઇન્ફ્રા તથા ફાર્મા ક્ષેત્રમાં આ દરમ્યાન સારી એવી તેજી થઇ છે. જાણકારોના કહેવા પ્રમાણે રાજકીય સ્થિરતા અને અર્થતંત્રની જબરદસ્ત છલાંગને કારણે શેરબજાર સતત તેજીમાં આગળ ધપી રહ્યું છે.

# સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓ માટે લાભાર્થીને હવે એક જ ફેમીલી કાર્ડ

## આરોગ્ય, આવાસ, નિઃશુલ્ક અનાજ સહિતની યોજનાઓ માટે પરિવારદીઠ એક કાર્ડ આપવાની દિશામાં ચક્રો ગતિમાન

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

આધુનિક ટેકનોલોજીના યુગમાં કેન્દ્ર તથા રાજય સરકારો વિવિધ સામાજીક-કલ્યાણકારી યોજનાઓમાં થતી ગેરરીતિના દરવાજા બંધ કરવાની સાથોસાથ ડીજીટલ સીસ્ટમ લાગુ કરી જ રહી છે. ત્યારે હવે સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓ માટે લાભાર્થીને જ એક કાર્ડ આપવાની દિશામાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. એક જ કાર્ડ મારફત લોકો સરકારની વિવિધ યોજનાનો લાભ લઈ શકે અને જુદા જુદા કાર્ડ સાચવવાની ઝંઝટમાંથી છુટકારો આપવાનો ઉદેશ છે.



રાજયના અન્ન અને નાગરીક પુરવઠા મંત્રાલય દ્વારા પરિવાર ઓળખપત્ર (ફેમીલી આઈડી કાર્ડ)નામના આ પ્રોજેકટને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. પુરવઠા વિભાગનાં મુખ્ય સચીવ આર.સી.મીનાએ પ્રોજેકટ તૈયાર કર્યો છે. આ આધૂનિક પહેલ અંતર્ગત આરોગ્ય, આવાસ, મફત અનાજ, સહીતની વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓમાં લોકો-લાભાર્થીઓ એક જ કાર્ડનો ઉપયોગ કરીને તેનો લાભ લઈ શકશે.ડુપ્લીકેટ કાર્ડ તથા

રાજય સરકારના સુત્રોએ કહ્યું કે નવા ફેમીલી કાર્ડની સીસ્ટમથી પરિવારને એક જ કાર્ડ મળશે. પરિવારની એક વ્યકિતએ આવાસ યોજનાનો લાભ લઈ લીધો હોય અને બીજી વખત બીજા સદસ્યના નામે પ્રયાસ કરશે તો તૂર્ત જ ખબર પડી જશે અને આવા પ્રકારની ગેરરીતીઓ અટકી શકશે.

સુત્રોના કહેવા પ્રમાણે લોકસભાની ચૂંટણી ખત્મ થયા બાદ તૂર્ત જ ફેમીલી કાર્ડ પ્રોજેકટ લોન્ચ કરવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. રાજયભરનાં જરૂરીયાતમંદોને જ વિવિધ સરકારી, કલ્યાણકારી યોજનાઓના લાભ મળે અને વિવિધ ગેરરીતી આચરીને કરાતી છટકબારીઓ રોકવાનો ઉદેશ છે.

# આજે સદીનું સૌથી લાંબુ સૂર્ય ગ્રહણઃ અનેક ભાગોમાં અંધકાર સર્જાશે

## ભારતમાં આ સૂર્યગ્રહણ દેખાશે નહીંઃ વિશ્વના અનેક ભાગોમાં આજે અદભુત અને દુર્લભ અવકાશી નઝારો જોવા મળશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં દેખાવાનું ન હોવા છતાં આજનું સૂર્ય ગ્રહણ સદીનું સૌથી લાંબામાં લાંબુ હશે અને અર્ધા અમેરિકા સહિતના વિશ્વના અનેક ભાગોમાં દિવસના સમયે ગાઢ અંધકાર સર્જાય જશે. આ દરમ્યાન નાસા દ્વારા ખાસ પ્રયોગ પણ થનાર છે. અવકાશ ખગોળશાસ્ત્રીઓમાં સૂર્ય ગ્રહણ વિશે જબરદસ્ત ઉત્તેજના પ્રવર્તતી રહી છે.

વિશ્વના અનેક ભાગોમાં આજે અદભુત અને દુર્લભ અવકાશી નઝારો જોવા મળનાર છે. ૫૦ વર્ષ પછી અને ચાલુ સદીનું સૌથી લાંબામાં લાંબુ સૂર્ય ગ્રહણ સર્જાવાનું છે. ભારતમાં આ સૂર્ય ગ્રહણ નહીં



દેખાય પરંતુ મેકસિકો, ઉતરીય અમેરિકા, કેનેડા, જમૈકા, આર્યલેન્ડ, ઇંગ્લેન્ડના ઉતર-પશ્ચિમ ભાગો, કયુબા, ડોમીનીકા, કોસ્ટારીકા, પશ્ચિમી યુરોપ, પેસેફીક, એટલાન્ટિક અને આર્કટીક ક્ષેત્રોમાં જોવા મળશે.

સૂર્ય ગ્રહણ સૌપ્રથમ મેકસિકોના મઝાઇટેન શહેરમાં જોવા મળશે. રાત્રે ૯.૧૨ કલાકથી સૂર્ય ગ્રહણ ચાલુ થશે અને મોડી રાત્રે ૨.૨૨ કલાક સુધી તે રહેશે. ૫.૧૦ કલાક સુધી સંપૂર્ણ સૂર્ય ગ્રહણ રહેશે અને આ દરમ્યાન ૭ મીનીટ સુધી સર્વત્ર અંધકાર છવાઇ જશે. આ દરમ્યાન અનેક ગ્રહ અને ધુમકેતુ નરી આંખે જોવા મળી શકશે.

૫૦ વર્ષ પૂર્વે આટલુ લાંબુ સૂર્ય ગ્રહણ થયું હતું. આ દરમ્યાન ચંદ્રમાં સૂર્યને સંપૂર્ણ રીતે ઢાંકી લે છે અને થોડા વખત સુધી સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર હાલ તો બંધ થઇ જાય છે જેને કારણે પૃથ્વી પર દિવસના સમયે પણ અંધકાર છવાઇ જાય છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત જેવી આ ઘટના હોય છે. ચંદ્રમાં પૃથ્વીની નજીક હોય ત્યારે સંપૂર્ણ સૂર્ય ગ્રહણ સર્જાતું હોય છે અને તે સમગ્ર સૌરડીસ્કને ઢાંકી લે છે. રવિવારે ચંદ્રમાં પૃથ્વીની સૌથી નજીક ૩.૬૦ લાખ કિ.મી. દુર હતો અને તેને કારણે આ સૂર્ય ગ્રહણ સર્જાયું છે.

અમેરિકી સ્પેસ એજન્સી નાસાના રીપોર્ટ પ્રમાણે સૂર્ય ગ્રહણની શરૂઆત મેકસિકોથી શરૂ થશે અને અમેરિકાના ૧૫ રાજયો મારફત કેનેડા સુધી લંબાશે. આ ક્ષેત્રોમાં રહેતા લોકો નરી આંખે પૂર્ણ સૂર્ય ગ્રહણને નિહાળી શકશે જોકે નરી આંખે તે નહીં જોવાની સલાહ આપવામાં આવી છે. અમેરિકામાં ટેકસાસ, ઓકલાહામા, ઇન્ડિયાના મિસોરી સહિત ૧૫ રાજયોમાં જોવા મળશે. ઉત્તરીય અમેરિકી મહાદ્વીપ પર સૂર્ય હોય ત્યારે આ ખગોળીય ઘટના સર્જાવાની છે અને આ સમયે ભારતમાં રાત હોવાને કારણે ભારતમાં સૂર્ય ગ્રહણ જોવા નહીં મળે.

# રૂપાલા વિવાદ ગુજરાત ભાજપ મોવડી મંડળ માટે બન્યો માથાનો દુઃખાવો

## ફરી એકવાર મામલો દિલ્હી ખસેડાયોઃ વડાપ્રધાન મોદી હવે નિર્ણય કરશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલાના વિવાદી વિધાનો પર ક્ષત્રિય સમાજે માંડેલા મોરચામાં હવે સમાધાનની કોઈ આશા ન દેખાતા ગુજરાત ભાજપ મોવડીમંડળ ફરી એક વખત હવે દિલ્હી પર નિર્ણય ઠેલ્યો છે. એક તરફ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ પોતે ઉમેદવારી કરવા જઈ રહ્યા છે અને તેઓ હાજરી આપવા ભરી સભામાં આમંત્રણ આપી દીધું છે.



ભાજપે પણ રાજકોટ બેઠક પરન પક્ષો અંકે કરવા છેક સુરતમાં રાજકોટવાસીઓ અને ખાસ કરીને પાટીદારોનું સંમેલન ગઈકાલે યોજીને રૂપાલા મામલે કોઈ સમાધાન નહી થાય તેવું સારી ભાષામાં પણ ક્ષત્રિય સમાજને સંદેશ આપી દીધો પણ ગઈકાલે જે રીતે ધ્રાંગધ્રામાં ક્ષત્રિય સમાજનું વિશાળ સંમેલન મળ્યુ અને તેમાં પણ આર-પારની લડાઈના ટંકાર થયા પછી ગાંધીનગરમાં ફરી એક વખત ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના નિયમો ભાજપના ક્ષત્રિય આગેવાનોની બેઠક મળી હતી.

તેમાં કોઈ ઉકેલ શોધવા અથવા ક્ષત્રિય આંદોલનનો રાજકીય મુકાબલો કઈ રીતે કરવો તે અંગે ચર્ચા થઈ છે પણ મૂળ પ્રશ્ન તો રૂપાલાની ટિકીટ રદ કરવાનો છે તે અંગે તો દિલ્હી જ નિર્ણય લઈ શકે અને હવે રેલો ભાજપના કાર્યક્રમ સુધી પહોંચી ગયો છે તથા જામખંભાળીયામાં પક્ષના પ્રમુખ સી.આર.પાટીલ તથા સંગઠન મહામંત્રી રત્નાકરની હાજરીમાં રૂપાલા મુદ્દે દેખાવો થયા તથા જે રીતે ખુબીઓનો કચ્ચરઘાણ થયો.

તેથી હવે ભાજપના વધુ કાર્યક્રમોમાં ક્ષત્રિય આંદોલનકારીઓ વિરોધ પ્રદર્શન કરે તેવી સ્થિતિ છે અને તેથી અનેક બેઠકોમાં વિરોધ અને અનેક ગામોમાં રૂપાલા મુદ્દે ભાજપને પ્રવેશબંધી થઈ છે તે પણ મોવડીમંડળ માટે ચિંતા છે અને તેથી બે દિવસમાં પક્ષના નંબર-ટુ નેતા અમીત શાહ કોઈ નિર્ણય લે તેવી ધારણા છે. સૂત્રોએ જણાવ્યું કે ભાજપના ના હોય કે જેમના પર ભાજપ નછાપથ ના હોય તેવા કેટલાક ક્ષત્રિય અગ્રણીઓને દિલ્હી બોલાવાયા છે અને તેઓ પાસે કોઈ સમાધાનનો માર્ગ છે તે પણ ચકાસાશે.

# છેલ્લા ૧૦ વર્ષમાં કોંગ્રેસની પનોતી બેઠીઃ ૫૧ ચૂંટણી હારી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની સૌથી જૂની પાર્ટીમાંથી છુટકારો મેળવવાની દોડધામ ચાલી રહી છે. જેમાં કોંગ્રેસ છોડનારા નેતાઓની યાદી લાંબી છે. ૧૦ વર્ષના આંકડાઓ પર નજર કરીએ તો ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૧૨ પૂર્વ મુખ્યમંત્રીઓ સહિત ૫૦થી વધુ મોટા નેતાઓ કોંગ્રેસને અલવિદા કહી ચૂક્યા છે. આ તમામ નેતાઓના કોંગ્રેસ છોડવાનું કારણ પાર્ટીના નેતૃત્વ અને કાર્યશૈલીમાં રહેલી ખામીઓ હોવાનું કહેવાય છે. સૌથી જૂની પાર્ટીની તરફેણમાં ચૂંટણી લડનારા મોટા ભાગના નેતાઓ હવે ભાજપના વખાણ કરી રહ્યા છે. આ નેતાઓની પાર્ટી છોડવાની અસર ચૂંટણી



પરિણામોમાં સ્પષ્ટ દેખાઈ રહી છે. ૧૦ વર્ષમાં પાર્ટી લોકસભા અને વિધાનસભા સહિત કુલ ૫૧ ચૂંટણી હારી છે.

મિલિંદ દેવરા, ગીતા કોડા, બાબા સિદ્દીકી, રાજેશ મિશ્રા, અંબરીશ ડેર, જગત બહાદુર અન્નુ, ચાંદમલ જૈન, બસવરાજ પાટીલ, નારણ રાઠવા, વિજેન્દર સિંહ, સંજય નિરુપમ અને ગૌરવ વલ્લભ જેવા નેતાઓએ હાલમાં જ કોંગ્રેસનો સાથ છોડ્યો છે.

હિમંતા બિસ્વા સરમા, ચૌધરી બિરેન્દ્ર સિંહ, રણજિત દેશમુખ, જી.કે.વાસન, જયંતિ નટરાજન, રીટા બહુગુણા જોશી, એન બિરેન સિંહ, શંકર સિંહ વાઘેલા, ટી. વડક્કન, જ્યોતિરાદિત્ય સિંધિયા, કે.પી. યાદવ, પ્રિયંકા ચતુર્વેદી, પીસી ચાકો, જિતિન પ્રસાદ, સુષ્મિતા દેવ, લલિતેશ ત્રિપાઠી, પંકજ મલિક, હરેન્દ્ર મલિક, ઈમરાન મસૂદ, અદિતિ સિંહ, સુપ્રિયા એરન, આરપીએન સિંહ, અશ્વિની કુમાર, રિપુન બોરા, હાર્દિક પટેલ, સુનીલ જાખડ, કપિલ સિબ્બલ, કુલદીપ બિશ્નોઈ, જયવીર શેરગિલ, અનિલ એન્ટોની, સીઆર કેસવાન.

# ગ્રાહકોના વિશ્વાસનું સ્તર હાલમાં ચાર વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યું

## ફુગાવો હાલના સ્તરેથી નીચે જશે તેવી પણ વપરાશકારોને આશા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતમાં કન્ઝયૂમર કોન્ફીડેન્સ (ઉપભોગતાના વિશ્વાસ) હાલમાં ચાર કરતા વધુ વર્ષની ઊંચી સપાટીએ છે. અર્થતંત્રની સામાન્ય સ્થિતિ તથા રોજગાર બાબતે માનસમાં સુધારો થયાનું રિઝર્વ બેન્ક દ્વારા હાથ ધરાયેલા એક સર્વેમાં જણાયું હતું.હાલની આર્થિક સ્થિતિમાં ઉપભોગતાનો વિશ્વાસ સ્થિર રિકવરીના માર્ગે છે.

ભાવિ અપેક્ષાનો ઈન્ડેક્સ જે આગામી ૧૨ મહિના માટે ઉપભોગતાના માનસનો અંદાજ આપે છે તેમાં પણ ૨૦૧૯ના




મધ્યથી સુધારો થયો હોવાનું સર્વે રિપોર્ટમાં જણાવાયું છે. નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં દેશનો આર્થિક વિકાસ દર ૭ ટકા રહેવા અપેક્ષા હોવાનું રિઝર્વ બેન્કે તેની નાણાં નીતિની સમીક્ષામાં જણાવ્યું છે.

આગળ જતા ફુગાવો હાલના સ્તરેથી નીચે જશે એમ પણ ઉપભોગતાઓ માની રહ્યા હોવાનું અન્ય એક રિપોર્ટમાં જણાવાયું છે. ડિસેમ્બર, ૨૦૨૩ ત્રિમાસિકમાં ઉત્પાદન ક્ષેત્રમાં ક્ષમતા ઉપયોગીતાનું સ્તર વધી ૭૪.૭૦ રહ્યું છે જે સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૭૪ ટકા જોવા મળ્યું હતું. ખાનગી મૂડીખર્ચનું ચક્ર સુધરી રહ્યું છે અને ઈન્વેસ્ટમેન્ટસ પ્રવૃત્તિનું ભાવિ ઉજળું જણાય છે એમ રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે નાણાં નીતિની સમીક્ષા બેઠક બાદ જણાવ્યું હતું.

# લોકસભાની ચૂંટણીને લઈ ચૂંટણી પંચની મોટી કાર્યવાહી, પાંચ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીને લઈને દેશમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. ચૂંટણીમાં રાજકીય પક્ષો સંપૂર્ણ રીતે સક્રિય થઈ ગયા છે. તમામ પક્ષોના ઉમેદવારો પણ પોતપોતાના વિસ્તારોમાં જઈને પ્રચાર કરી રહ્યા છે. આ દરમિયાન ચૂંટણી પંચે મોટી કાર્યવાહી કરીને પાંચ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા હતા. તો જાણીએ શું છે સમગ્ર મામલો?

આમ આદમી પાર્ટીએ હરિયાણાના કૈથલમાં બે જાહેરસભાઓ યોજવા માટે ચૂંટણી પંચ પાસે મંજૂરી માગી હતી. આના પર ચૂંટણી પંચે તેમની અરજીઓ ફગાવી દીધી હતી. આપનો આરોપ છે કે વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવામાં




આવ્યો હતો. આપેએ ચૂંટણી પંચ પાસે કાર્યવાહીની માગ કરી હતી.

આ મામલો ધ્યાને આવતાં જ ચૂંટણી પંચે કડક કાર્યવાહી કરી પાંચ કોમ્પ્યુટર ઓપરેટરોને સસ્પેન્ડ કરી દીધા છે. તેમજ પોલીસને આ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ કેસમાં ચૂંટણી પંચી પોર્ટલ હેક થયાનું સામે આવી રહ્યું છે.

હરિયાણામાં I.N.D.I.A. ગઠબંધન હેઠળ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે બેઠકની વહેંચણી થઈ છે. આપના ખાતામાં માત્ર એક કુરુક્ષેત્ર બેઠક મળી છે, જ્યાંથી પાર્ટીએ સુશીલ ગુપ્તાને મેદાનમાં ઉતાર્યા છે. વાંધાજનક ટિપ્પણી બાદ આપ ઉમેદવાર સુશીલ ગુપ્તાએ એક વીડિયો જાહેર કરીને ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે.

આપના ઉમેદવાર સુશીલ ગુપ્તાએ કહ્યું કે, 'ચૂંટણી પંચ હરિયાણામાં ભાજપ માટે પાંગળું બની ગયું છે. આપ દ્વારા સાતમી એપ્રિલે બે કાર્યક્રમો માટે મંજૂરી માંગવામાં આવી હતી. તેને નકારી કાઢવામાં આવી હતી અને વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શું આ દેશમાં નિષ્પક્ષ ચૂંટણી ન થઈ શકે? ચૂંટણ પંચ આવી ભાષાનો ઉપયોગ કરતાં વધુ શરમજનક કંઈ હોઈ શકે નહીં. દેશની જનતા સહન કરશે નહીં.'

# જસદણના ચિતલીયા રોડ યુગ રેસીડેન્સીમાં રસ્તા તથા પાણીની સમસ્યા બાબતે મહિલાઓ બની રણચંડી

## વિસ્તારના પૂર્વ નગર સેવક નરેશ ચોહલીયા સમક્ષ બળાપો ઠાલવ્યો

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ શહેરના ચિતલીયા રોડ વોર્ડ નંબર ૫ યુગ રેસીડેન્સી ની મહિલાઓ રણચંડી બની હતી છેલ્લા બે ત્રણ વર્ષથી પાકા રોડ બનાવવા બાબતે રજૂઆત કરી રહેલ છે આ ઉપરાંત પીવાનું પાણી પૂરતું ન મળતું હોવાની અને આજુબાજુની સોસાયટીઓ વાળાએ બજારુ અને રસ્તાઓ પાટીયા મારીને બંધ કરી દીધા છે જેવી બાબતો એ રજૂઆત કરી કરીને થાકી હતી. આ પ્રશ્ન આ જ વિસ્તારના જાગૃત લોક પ્રહરી પૂર્વ કોર્પોરેટર અને એપીએમસી ના પૂર્વ ડિરેક્ટર નરેશભાઈ ચોહલીયા ને બોલાવી ઉગ્ર રોષ સાથે પોતાનો બળાપો ઠાલવ્યો હતો આ તકે નરેશભાઈ ચોહલીયા એ મહિલાઓ તથા વિસ્તારના પુરુષો સહિતનાઓને આશ્વાસન આપ્યું હતું કે ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થયે તમારા





જે પ્રશ્નો છે તેનો ઉકેલ આવછે આપણા ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયા માંગો તેટલી ગ્રાન્ટ આપે છે જે બાબતે અમે ચોક્કસથી કાર્ય કરશું તેવી ખાતરી આપેલ આમ છતાં પણ મહિલાઓને પુરુષો દ્વારા મતદાન બહિષ્કાર શહીત ની ચીમકી આપી હોબાળો કરેલ અને આ વિસ્તારના કેટલાક ભાજપના હોદ્દેદારો અને કેટલાક પૂર્વ સદસ્યો અહીં કોઈ દી ડોકાતા નથી ઊલટાના અમારા વિસ્તારો બંધ કરવા માં રસ દાખવશે તેવી વિવિધ રજુઆતો કરી હતી પરંતુ નરેશભાઈ ચોહલિયા દ્વારા વિસ્તારના લોકોને સમજાવવામાં આવેલ કે તમારા જે પ્રશ્નો છે તે સોલ્વ થઈ જશે હાલ લોકસભાની ચૂંટણી હોય આદર્શ આચારસંહિતા અમલમાં હોય જેથી ચૂંટણી પૂર્ણ થયે તમારા વિસ્તારના પ્રશ્ન હલ કરવાની હું ખાતરી આપું છું અને આ પ્રશ્ન હું આપણા ધારાસભ્ય અને મંત્રી કુવરજીભાઈ બાવળીયા સમક્ષ મુકીશ તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસર રાજુભાઈ શેખ અને વહીવટદાર મામલતદાર સમક્ષ હું રજૂઆત કરીશ અને તમારા પ્રશ્નનો ઉકેલ આવશે તેવી ખાતરી આપેલ ત્યારબાદ મહિલા અને પુરુષોનો રોષ શાંત થયો હતો

# હળવદ જીઆઈડીસી પાછળ જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ૬ શખ્સોને ૧.૧૦ લાખ સાથે ઝડપી લેવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ જીઆઈડીસી પાછળ આવેલ સરકારી ખરાબામાં જાહેરમાં ઘોડીપાસાનો પૈસાની હારજીતનો જુગાર રમતા ૬ જુગારીને હળવદ પોલીસ ટીમે ઝડપી લઇ તમામ વિરુદ્ધ જુગારધારા એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા જીલ્લામાં પ્રોહી-જુગારની અસામાજિક પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સખત સુચના આપવામાં આવેલ હોય, જે અનુસંધાને હળવદ પોલીસ સ્ટેશનના પીઆઈ આર.ટી.વ્યાસની




સુચનાથી હળવદ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સંયુક્તમાં મળેલ બાતમી હકીકત આધારે હળવદ જી.આઈ.ડી.સી. પાછળ આવેલ સરકારી ખરાબામાં ઘોડીપાસા વતી પૈસાની હાર જીતનો જુગાર રમતા ઈસમો પર રેઇડ કરી જુગાર રમતા રમેશભાઈ ગુગાભાઈ સાવડીયા ઉવ. ૪૦ રહે.ભવાનીનગર ઢોરો હળવદ, સંજયભાઈ રૂપાભાઈ સીતાપરા ઉવ.૩૬ રહે.પંચમુખી ઢોરો હળવદ, જયેશભાઈ મનુભાઈ દેવકા ઉવ.૩૮ રહે.પંચમુખી ઢોરો હળવદ, કરમણભાઈ છેલાભાઈ ગમારા ઉવ.૪૨ રહે.ભવાનીનગર ઢોરો હળવદ, દિનેશભાઈ ધારાભાઈ ટોટા ઉવ.૩૩ રહે.પંચમુખી ઢોરો હળવદ, લધધીરસિંહ હનુભા ઝાલા ઉવ.૪૨ રહે.ભવાનીનગર ઢોરો હળવદને રોકડ રકમ રૂ.૧,૧૦,૫૪૦/- તથા ઘોડીપાસા નંગ-૦૨ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હળવદ પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો ફખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના ડો. કુસુમબેન દોશી પરિવાર દ્વારા જલારામ પ્રાર્થના મંદિરને સેવાકાર્ય માટે અન્નપૂર્ણા રથ અર્પણ કરવામાં આવ્યો

## હિરેનભાઈ દોશી, ઉપેન્દ્રભાઈ કાથરાણી, લલીતભાઈ ચંદારાણા સહીતના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતીમાં સેવાકાર્યનો પ્રારંભ








**મુખ્ય સમાચાર, મોરબી**

વિવિધ પ્રકારની માનવસેવા પ્રદાન કરતા મોરબી શ્રી જલારામ પ્રાર્થના મંદિર ખાતે દરરોજ બપોરે તથા સાંજે સદાવ્રત ના માધ્યમથી લોકોની જઠરાગ્નિ તૃપ્ત કરવાનો અનોખો સેવાયજ્ઞ ચલાવવામાં આવે છે. જે સેવાકાર્ય ને વિસ્તૃત બનાવવા તેમજ શહેર ના દરેક જરૂરીયાતમંદ લોકો સુધી ભરપેટ ભોજન પહોંચાડી શકાય તે હેતુસર મોરબી ના ડો. કુસુમબેન એ. દોશી પરિવાર દ્વારા મોરબી શ્રી જલારામ પ્રાર્થના મંદિર ને અન્નપૂર્ણા રથ અર્પણ કરવા માં આવ્યો છે. મોરબી શ્રી જલારામ પ્રાર્થના મંદિર ખાતે દરરોજ બપોરે તથા સાંજે સદાવ્રત રાબેતા મુજબ ચાલુ જ રહેશે, તે ઉપરાંત અન્નપૂર્ણા રથ ના માધ્યમથી દરરોજ ઝુંપડપટ્ટી વિસ્તાર તેમજ જરૂરીયાતમંદો ને ભરપેટ ભોજન પ્રસાદ અર્પણ કરવા માં આવશે.

મોરબી ના ડો.કુસુમબેન એ.દોશી પરિવાર દ્વારા મોરબી શ્રી જલારામ પ્રાર્થના મંદિર ને અન્નપૂર્ણા રથ અર્પણ પ્રસંગે જૈન સમાજ અગ્રણી શ્રી હીરેનભાઈ દોશી, લોહાણા સમાજ અગ્રણી શ્રી ઉપેન્દ્રભાઈ કાથરાણી, લોહાણા સમાજ અગ્રણી શ્રી લલીતભાઈ ચંદારાણા સહિત ના મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. મોરબી શ્રી જલારામ પ્રાર્થના મંદિર ના સેવાકાર્ય ની કદરરૂપે સંસ્થા ને અન્નપૂર્ણા રથ અર્પણ કરવા બદલ સંસ્થા ના અગ્રણી શ્રી ગીરીશભાઈ ઘેલાણી, હરીશભાઈ રાજા, ચંદ્રવદનભાઈ પુજારા, પ્રવિણભાઈ કારીયા, પ્રતાપભાઈ ચગ, નિર્મિતભાઈ કક્કડ, ભાવીનભાઈ ઘેલાણી, ચિરાગભાઈ રાચ્છ, સુનિલભાઈ પુજારા, અનિલભાઈ સોમૈયા, મનોજભાઈ ચંદારાણા, પપ્પુભાઈ ચંદીભમર, જયંતભાઈ રાઘુરા, અનિલભાઈ ગોવાણી, કિશોરભાઈ ઘેલાણી, સંજયભાઈ હિરાણી, અમિતભાઈ પોપટ, જયેશભાઈ કંસારા, જયેશભાઈ ટોળીયા, પારસભાઈ ચગ, હિતેશભાઈ જાની, દિનેશભાઈ સોલંકી સહીતના અગ્રણીઓએ દોશી પરિવાર નો આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે મોરબી શ્રી જલારામ પ્રાર્થના મંદિર દ્વારા એમ્બ્યુલન્સ સેવા, વૈકુંઠ રથ સેવા, અંતિમયાત્રા બસ, શબવાહિની સેવા, દરરોજ બપોરે તથા સાંજે પ્રસાદ વ્યવસ્થા, મેડિકલ સાધનો ની સેવા, ફ્રિઝ શબ પેટી, મેડિકલ કેમ્પ, નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ, બ્લડ ડોનેશન, કુદરતી આફત સમયની સેવા સહીત ની વિવિધ સેવાઓ સર્વજ્ઞાતિય વિનામુલ્યે અવિરતપણે પ્રદાન કરવામાં આવે છે ત્યારે મોરબી ના ડો.કુસુમબેન એ.દોશી પરિવાર દ્વારા અર્પણ કરવામાં આવેલ અન્નપૂર્ણા રથ નાં માધ્યમથી પૂ.જલારામબાપા ની કૃપાથી સેવાકાર્ય નો વ્યાપ વિસ્તારવામાં આવશે તેમ સંસ્થાના અગ્રણી ગીરીશભાઈ ઘેલાણીએ જણાવ્યુ છે.

# મોરબી પોલીસે ઈંગ્લીશ દારૂના ગુનામાં અનેકવાર પકડાયેલ આરોપી સામે પાસાનું શસ્ત્ર ઉગામ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના કાલીકા પ્લોટ વિસ્તારમાં રહેતા લીસ્ટેડ બુટલેગર અનેકવાર ઇગ્લીશદારૂના ગુન્હાઓમા પકડાયેલ ઇસમ વિરુદ્ધ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી જે દરખાસ્તને મંજૂરી મળતા તેને પાસા તળે ડિટેઇન કરી અમદાવાદ જેલ હવાલે કરી આપેલ છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી પી.એ.ઝાલા સાહેબ મોરબી વિભાગના માર્ગદર્શન હેઠળ મોરબી શહેરમાં અસામાજીક તત્વોની પ્રવૃતીઓને ડામવા સુચના થતા મોરબી સીટી એ ડિવીઝન વીસ્તારમાં અવાર નવાર ઇગ્લીશદારૂના ગુન્હાઓમા પકડાયેલ અસામાજીક ઇસમ અસલમ સલીમભાઇ ચાનીયા ઉવ.૩૮ રહે.મોરબી કાલીકાપ્લોટ શેરીનં.૨ વિરૂધ્ધ



મોરબી સીટી એ ડીવીઝન દ્વારા પાસાની પ્રપોઝલ કરવામા આવેલ જે અન્વયે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને કલેક્ટર દ્વારા પાસા પ્રપોઝલને મંજુર કરી પાસા વોરંટ ઇસ્યુ કરેલ જેથી ઉપરોક્ત ઇસમની અટકાયત કરી પાસા વોરંટની બજવણી કરી અમદાવાદ જેલમાં ધકેલી દેવાયો છે.

# કોમનમેન ફાઉન્ડેશન મોરબી દ્વારા વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનો ફાઈનલ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

પોતાની વિવિધતા સભર પ્રવૃત્તિઓ થકી સમગ્ર મોરબીમાં આગવી ઓળખ ધરાવતા કોમનમેન ફાઉન્ડેશન દ્વારા મોરબીના ૧૫ વર્ષથી મોટી ઉંમરના બહેનો માટેની વકતૃત્વ સ્પધોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના સેમીફાઈનલમાં ૧૫ થી ૭૯ વર્ષના ૧૦૦ થી વધુ બહેનોએ ભાગ લીધો હતો જેમાંથી ૨૧ બહેનોની ફાઈનલ રાઉન્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. જે ફાઈનલ રાઉન્ડ આજે PG PATEL કોલેજ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.

આ સ્પર્ધામાં વ્યસનથી થતા નુકસાન, તેના કારણો, દુર કરવાના ઉપાયો વગેરેની સાહિત્ય સભર સ્ક્રીપ્ટ અને બહેતરીન રજૂઆત કરી બહેનોએ દિલ જીતી લીધું હતું. જેમાં પ્રથમ ક્રમે વિધી પંડ્યા, દ્વિતીય ક્રમે અવની વાઢેર અને તૃતીય ક્રમે પુજા ભેસદડીયા અને દિશા ધામેચાને સંયુક્ત રીતે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક



તરીકે જાણીતા વક્તા અને એન્કર રવીન્દ્રભાઈ ત્રિવેદી, જીલ્લા યુવા વિકાસ અધિકારી હિરલબેન વ્યાસ, તથા માહિતી મદદનીશ બળવંતસિંહ જાડેજા તથા જ્યુરી મેમ્બર્સ તરીકે જ્યુરી તરીકે વિજયભાઈ રાવલ, ડો ભાવિનભાઈ ગામી, સંજયભાઈ બાપોદરીયા, શૈલેષભાઈ કાલરીયા, શૈલેષભાઈ ઝાલરીયા, ડો અમિષા રાચ્છ, શોભનાબા ઝાલા, નિશાબેન દવે, અંજનાબેન તલસાણીયા, અનિતાબેન દોશી એ સેવાઓ આપી હતી.

કાર્યક્રમની ભુમિકા બાંધતાં મોરબીના જાણિતા ડોક્ટર, લેખક અને વક્તા તથા કોમનમેન ફાઉન્ડેશનના સુપ્રીમો ડો સતિષભાઈ પટેલે સંસ્થાની પ્રવૃતિઓની છણાવટ પોતાની આગવી શૈલીમાં કરી હતી. PG PATEL કોલેજના પ્રિન્સિપાલ ડો રવીન્દ્રભાઈ ભટટે આ પ્રકારની સાહિત્યક પ્રવૃતિઓ પોતાના પ્રાંગણમાં થવાનો આનંદ વ્યક્ત કરી સૌ ને આવકાર્યા હતા. આ સ્પર્ધાના કન્વીનર આરતિબેન રાંકજાએ સ્પર્ધાને મળેલા બહોળા પ્રતિસાદને વધાવી વ્યસન મુક્ત સમાજ માટે મહિલાઓના યોગદાનની માહિતી આપી હતી. સ્પર્ધા બાદ જ્યુરી મેમ્બર્સ વતી ડો અમીષા રાચ્છે સ્પર્ધકોને પર્ફોર્મન્સ માટે ધ્યાનમાં રાખવાની બાબતોની માહિતી આપી હતી. નિર્ણાયકો વતી રવીન્દ્રભાઈ ત્રિવેદીએ દરેક સ્પર્ધકોના પર્ફોર્મન્સની છણાવટ કરી વક્તૃત્વ સ્પર્ધા માટે અગત્યની ટીપ્સ આપી હતી. વિજેતાઓને કોમનમેન ફાઉન્ડેશન તરફથી આગામી ૩૧/૫ ઈનામ આપવામાં આવશે. બાકીના તમામ સ્પર્ધકોને નિર્ણાયકો વતી પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ડો રવીન્દ્રભાઈ ભટ્ટ તથા પી. જી. પટેલ કોલેજ સ્ટાફ, ડો. પ્રેયસ પંડ્યાસાહેબ, આરતીબહેન રાંકજા, ધરતીબહેન બરાસરા, ભક્તિબહેન કાનાણી, ચંદ્રાસાલા સર, બરાસરા સર સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

# હરિયાણાથી કચ્છ લઈ જવાતા વિદેશી દારૂના જંગી જથ્થા સાથે એક શખ્સની અટકી કરતી મોરબી ક્રાઈમ બ્રાંચ

## યુપી અને પંજાબના બે શખ્સોના નામ ખુલ્યા : લોકસભા ચૂંટણી અન્વયે રાજ્યની બોર્ડર ઉપર સઘન ચેકીંગ હોય જેથી પાંચ રાજ્યમાં ફરતા-ફરતા દારૂ ભરેલ ટ્રક ગુજરાતમાં ઘુસાડાતું હોવાની આરોપી દ્વારા કબૂલાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે માળીયા(મી)-હળવદ હાઇવે ઉપર અણિયારી ટોલનાકા નજીકથી ટ્રકમાં ખીચો-ખીચ ભરેલા વિદેશી દારૂ-બિયરની ૩૦,૫૪૦ નંગ બોટલનો જથ્થો ઝડપી લેવામાં આવ્યા હતો. આ સાથે ટ્રક ટ્રેઇલરના જમ્મુ-કાશ્મીરના આરોપી ટ્રક ચાલકની દારૂ-બિયરના જથ્થા સહીત કુલ રૂ.૧ કરોડથી વધારેના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી છે. ત્યારે ટ્રક-ચાલક આરોપીની પ્રાથમિક પૂછતાછમાં યુપી અને પંજાબ રાજ્યના બે શખ્સોના નામ ખુલતા તેઓની શોધખોળ શરૂ કરી છે. મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમ દ્વારા પકડાયેલ વિદેશી દારૂ-બિયરનો જથ્થો કબ્જે લઇ માળીયા(મી) પોલીસ મથકમાં આરોપી ટ્રક-ટ્રેઇલર ચાલક સહીત ચાર શખ્સો તથા તપાસમાં ખુલ્લે તેના વિરુદ્ધ પ્રોહીબીશન હેઠળ ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ





શરૂ કર્યો છે.

મોરબી લોકલ ક્રાઇમ બ્રાંચના પો.હેડ.કોન્સ.સુરેશભાઇ હુંબલ, વિક્રમભાઇ કુગશીયા, ભગીરથસિંહ ઝાલા, સંજયભાઇ રાઠોડને સયુંકતમાં ખાનગીરાહે હકિકત મળેલ કે, એક ટાટા ટ્રક ટ્રેઇલર નંબર-આરજે-૫૨-જીએ-૪૯૧૯ હળવદ તરફથી માળીયા તરફ આવે છે. જે ટ્રેઇલરમાં અંગ્રેજી દારૂનો જથ્થો ભરેલ છે. તેવી ચોકકસ હકિકત આધારે અણીયારી ટોલનાકા પાસે હાઇવે રોડ ઉપર વાહન ચેકિંગની કામગીરી કરતા હતા તે દરમિયાન મળેલ હકીકત મુજબનું ટ્રક-ટ્રેઇલર ત્યાંથી પસાર થતા તેને રોકી તેની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ-બિયરની કુલ ૩૦,૫૪૦ બોટલ તથા ટીન જેની કુલ કિ.૭૨ લાખ ૭૪ હજાર ચારસો મળી આવી હતી. આ સાથે ટ્રક ટ્રેઇલરના ચાલક આરોપી મોહિન્દરસીંગ રશલસીંગ ઉવ.૪૮ રહે.ફતેહપુર શેખાન પોસ્ટ રણવીરસીંગ પોરા જી.જમ્મુ - ૧૮૧૧૦૨ (જમ્મુ અને કાશ્મીર)ની અટક કરી વિદેશી દારૂ-બિયરના જથ્થા સહીત કુલ કિ.રૂ.૧,૦૭,૯૨,૭૯૦/- મુદામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. જયારે દરોડા દરમિયાન પકડાયેલ ટ્રક-ચાલકની પ્રાથમિક સઘન પૂછપરછમાં વિદેશી દારૂનો જંગી જથ્થા પ્રકરણમાં સંડોવાયેલ આરોપી અરમેશબાબુ રહે.ઉતરપ્રદેશ તથા બીટુભાઇ રહે. પંજાબના નામ ખુલવા પામ્યા હતા ત્યારે મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમે પકડાયેલ આરોપી તથા પકડવા પર બાકી તથા તપાસમાં ખુલ્લે તેના વિરુદ્ધ માળીયા(મી)પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગન નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામનગરમાં ચેક પરતના કેસમાં છ માસની સજા અને પાંચ લાખનું વળતર મંજૂર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રહેતા નિલેશભાઈ પ્રેમજીભાઈ અનડકટે પરસોતમભાઈ મોહનલાલ કણજારીયા પાસેથી વિક્ટોરીયા પુલ પાસે આવેલ રે.સ.નં. ૩૨૪ પૈકીની રહેણાંક્ના હેતુસર બીનખેતી થયેલ જમીન જે ''રંગમતી પાર્ક'' તરીકે ઓળખાય છે અને તેમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૦૬ વાળો ખુલ્લો પ્લોટ રૂા. ૨૫,૦૦,૦૦૦/- માં વેંચાણ રાખેલ અને જે અંગેનો નોટરાઈઝડ વેંચાણ કરાર તા. ૨૯/૦૭/૨૦૧૬ ના થયેલ હતો અને ઉપરોક્ત વેંચાણ કરાર અન્વયે અવેજ પેટે રૂા. ૫,૦૦,૦૦૦/- નિલેશભાઈ



પ્રેમજીભાઈ અનડકટે પરસોતમભાઈ મોહનલાલ કણજારીયાને ચુકવેલ હતા અને બાકી રહેતો અવેજ ૧ (એક) વર્ષમાં ટાઈટલ કલીયર કરે ત્યારે ચુકવવાનું નક્કી થયેલ હતું.પરસોતમભાઈ મોહનલાલ કણજારીયાએ કરારનું પાલન ન કરતા નિલેશભાઈ પ્રેમજીભાઈ અનડકટ દ્વારા તા. ૨૬/૦૬/૨૦૧૮ ના રોજ નોટીસ મોકલાવેલ, જે નોટીસનો જવાબ પરસોતમભાઈ મોહનલાલ કણજારીયાએ આપેલ, ત્યારબાદ નિલેશભાઈ પ્રેમજીભાઈ અનડકટ તથા પરસોતમભાઈ મોહનલાલ કણજારીયા વચ્ચે સમાધાન થતા નિલેશભાઈએ ચુકવેલ અવેજ પૈકીની રકમ રૂા. ૫,૦૦,૦૦૦/- પરસોતમભાઈ મોહનલાલ કણજારીયાએ પરત ચુકવવાની નક્કી થયેલ અને જે રકમની પરત ચુકવણી માટે પરસોતમભાઈ મોહનલાલ કણજારીયા દ્વારા પોતાના ધી નવાનગર કો. ઓપરેટીવ બેંક લી., રણજીત રોડ શાખા, જામનગરનો ચેક આપેલ, જે ચેક નિલેશભાઈ પ્રેમજીભાઈ અનડકટ દ્વારા પોતાના ધી નવાનગર કો. ઓપરેટીવ બેંક લી., દિગ્વિજય પ્લોટ શાખા, જામનગરના બેંક ખાતામાં જમા કરાવતા મજકુર ચેક ફંડસ ઈનસફીશીયન્ટના શેરા સાથે પરત ફરેલ જેથી નિલેશભાઈ દ્વારા પોતાના વકીલ નાથાલાલ પી. ધાડીયા મારફત પરસોતમભાઈ મોહનલાલ કણજારીયાને સ્ટેચ્યુટરી નોટીસ મોકલાવેલ, જે નોટીસ પરસોતમભાઈ મોહનલાલ કણજારીયાને મળી જવા છતાં ચેક મુજબની રકમ વસુલ નહીં આપતા નિલેશભાઈ દ્વારા જામનગરની અદાલતમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલ, જે કેસ બીજા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ એમ. કે. ખેર ની અદાલતમાં ચાલી જતાં અદાલત દ્વારા ફરીયાદી નિલેશભાઈના વકીલ ની દલીલ તથા રજૂ કરેલ રાજદાકીય મુદાઓ વ્યારે થઈ આડવર દ્વારા આરોપી કોરબભાઈ કરણજારીયાને છ માસની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂ.૫,૦૦,૦૦૦ પુરા ફરિયાદીન વળતર પેટે ચૂકવવાનો હુકમ કરેલ છે.અને જો વળતરની રકમ ચુકવવામાં ન આવે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે.આ કેશમાં ફરીયાદી નિલેશભાઈ પ્રેમજીભાઈ નાકર તરફ વકીલ નાથાલાલ વી. ધાડીયા, પરેશ સભાયા,હિરેન સોનગરા, રાકેશ સભાયા,ગજેન્દ્રસિંહ ઝાલા નેમિષ ઉમરેટિયા રોકાયેલ હતા.

# મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા છેતરપિંડીના ગુનામાં ૨૨ વર્ષથી ફરાર આરોપીને અમદાવાદથી દબોચી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)પોલીસ મથકમાં નોંધાયેલ છેતરપિંડી કેસનો આરોપી કે જે ૨૨ વર્ષથી નાસતો ફરતો હોય જે આરોપીને મોરબી પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા અમદાવાદથી દબોચી લઇ હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે માળીયા(મી) પોલીસ મથકે સોંપી આપેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી પેરોલ ફર્લો સ્કવોડના એએસઆઈ જીજ્ઞાસાબેન સહિતના સ્ટાફને ખાનગીરાહે બાતમી મળેલ કે માળીયા(મી) પોલીસ મથકમાં વર્ષ ૨૦૦૨માં નોંધાયેલ છેતરપિંડીના



કેસમાં છેલ્લા ૨૨ વર્ષથી નાસતો ફરતો આરોપી પ્રવીણભાઈ કાવર હાલ અમદાવાદ શહેરમાં રહેતા હોવાની ચોક્કસ હકીકતને આધારે પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા મળેલ બાતમી મુજબની જગ્યાએ તપાસ કરતા મૂળ માળીયા(મી)તાલુકાના લક્ષ્મીવાસના વતની આરોપી પ્રવીણભાઈ સુંદરજીભાઈ કાવર ઉવ.૫૫ ને અમદાવાદ શહેરના બાપુનગર આમ્રપાલી સોસાયટી ખાતેથી ઝડપી લઇ હસ્તગત કરી મોરબી લાવી ધોરણસરની કાર્યવાહી માટે માળીયા(મી) પોલીસ મથકમાં સોંપી સફળ કામગીરી કરવામાં આવી છે.

# જામનગરમાં ઓપન ગુજરાત સિઝન ક્રિકેટ ટુર્નામેન્ટનો આજથી પ્રારંભ

## સૌરાષ્ટ્રની ૬૪ ટીમો વચ્ચે સિઝન બોલની નોક-આઉટ વન-ડે ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાશેઃ બે પૂર્વ ખેલાડીઓને ટૂર્નામેન્ટના આયોજન થકી અંજલિ અર્પણ કરવામા આવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા જામનગરના બે પુર્વ રણજી ક્રિકેટરોને અજલી આપવા આજથી ૪૦-૪૦ ઓવરના વન-ડેની નોક-આઉટ ટુનર્નામેન્ટનો આરંભ થયો. આ ટુર્નામેન્ટમાં સિનિયરો અને અડર-૧૪ના ખેલાડીઓના કુલ ૬૪ મેચો અજીતસિંહજી ક્રિકેટ પેવેલીયન ક્રિકેટ બગલો ખાતે રમાશે.એક સમયે કપીલદેવ સમકક્ષ ગણાયેલા રણજીટ્રોફીમા તરખાટ મચાવનારા ફાસ્ટ બોલર રાજેન્દ્રસિંહ જાડેજાનું કોરોનાના કાતિલ મોજામાં નિધન થયું હતું. આ જ રીતે ટેસ્ટ ક્રિકેટર સલીમ દુરાનીના નાનપણથી અંત સમય સુધીના ગાઢ મિત્ર એવા રણજી ખેલાડી વામનભાઈ જાનીનુ ગત વર્ષે નિધન થયા બાદ જામનગરના આ બને પુર્વ રણજી ખેલાડીઓને ક્રિકેટ જગત દ્વારા અજલી આપવા સિનિયર ક્રિકેટરો માટે રાજેન્દ્રસિંહ જાડેજા કપ અને અંડર-૧૪ના ખેલાડીઓ માટે વામન જાની કપનું આયોજન જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું છે. નોકઆઉટ





પ્રકારની આ ટુર્નામેન્ટ ૪૦-૪૦ ઓવરની સિઝનબોલ ક્રિકેટ ટુર્નામેન્ટ રમાશે. આ ટુર્નામેન્ટમાં જામનગર સહિત સૌરાષ્ટ્રની ૪૯ ટીમોએ રાજેન્દ્રસિંહ કપમા અને ૧૫ ટીમોએ વામન જાની કપમાં ભાગ લીધો છે.

આ ટુનામેન્ટનો વાજતે-ગાજતે બેન્ડબાજા અને ફુલો સાથે ઉત્સાહ સાથે પ્રારંભ કરવામા આવ્યો. ઉદ્દઘાટન સમારોહ વેળાએ બંને પુર્વ રણજી ખેલાડીઓના પરિવારજનોને પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતી.આ ટુર્નામેન્ટમાં રાજકોટ, ભાવનગર, જુનાગઢ, વડોદરા, જામનગર, મોરબી, દ્વારકા, સિક્કા, સહીતના શહેરમાથી ટીમએ ભાગ લીધો છે. આ ટુર્નામેન્ટ આગામી બે માસ જેટલો સમય ચાલુ રહેશે. ઉલ્લેખનિય છે કે, જામનગરના ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાની રણજી ટ્રોફી, દુલીપ ટ્રોફી તો નિયમિત રમાય છે. જે બાદ હવે બે પુર્વ રણજી ખેલાડીઓની ટ્રોફી રમાશે. જે દર વર્ષે રમાય તે માટેનુ આયોજન જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા કરવામા આવ્યુ છે.આ ટુર્નામેન્ટનો શુભારંભ પુર્વ રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહ(હકુભા) જાડેજાએ કરાવ્યો. સાથે પુર્વ રણજી ટ્રોફીના ખૈલાડી વામન જાની અને રાજેન્દ્રસિંહ જાડેજાના પરીવારજનોએ ખાસ હાજરી આપી અને ખુશી વ્યકત કરી હતી. સ્વ. રાજેન્દ્રસિંહ જાડેજાના ધર્મપત્ની યાશિકાકુમારી જાડેજા તેમજ પુત્રી-જમાઈ સાથે વામન જાનીના પરીવારના હિમાંશુ જાની સહતીના પરીવારજનોએ ખાસ હાજરી આપી હતી. આ પ્રસંગે ખબર ગુજરાતના તંત્રી નિલેશ ઉદાણી, કોર્પોરેટ જયરાજસિંહ જાડેજા, જામનગર ડ્રિસ્ટ્રીક્ટ ક્રિકેટ એશોસિયેશનના પ્રમુખ અજયભાઈ સ્વાદીયા, ઉપપ્રમુખ વિનુભાઈ ધ્રુવ, જોઈન્ટ સેક્રેટરી ભરતસિંહ જાડેજા, કોચ મહેન્દ્રસિંહ ચૌહાણ તથા સમગ્ર ટુર્નામેન્ટના પ્રોજેક્ટ ચેરમેન કશ્યપ મહેતા, ટુર્નામેન્ટના કોર્ડિનેટર ભરત મથ્થર, કમિટીના સભ્ય નરેન્દ્ર કણઝારીયા સહીતના ક્રિકેટપ્રેમીઓ અને વાલીઓની હાજરીમાં ટુર્નામેન્ટ ખુલ્લી મુકવામાં આવી હતી.

પ્રથમ મેચ મહાદેવ એ અને મહાદેવ-૧૧ વચ્ચે રમાયો. જેમા મહાદેવ-૧૧એ ટોસ જીતીને પ્રથમ બેટીંગ પસંદ કરી હતી.

# ગોરે ગોરે મુખડે પે કાલા કાલા ચશ્માઃ ટોપીનું ધૂમ વેચાણ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

એપ્રિલ માસ શરૂ થતાં જ સૂર્ય નારાયણે પોતાનો પ્રભાવ દેખાડવાનો શરૂ કરી દીધો છે. રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં તાપમાનનો પારો ૩૭ થી ૪૦ ડિગ્રી સુધી પહોંચ્યો છે ત્યારે આંખોને ધમધોખતા તાપમાંથી ઠંડક આપતા ચશ્માનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. સન ગ્લાસ ૬૦ રૂા.થી માંડીને ૫૦૦ રૂા. સુધીના બજારમાં ઉપલબ્ધ છે. આંખની સાથે માથાને પણ તાપથી રક્ષણ આપવું એટલું જ જરૂરી હોય, શહેરમાં અવનવી ટોપીનું વેચાર થઈ રહ્યું છે.

## હળવદમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૩ જુગારીની અટક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મળતી માહિતી અનુસાર હળવદના પંચમુખી ઢોરામાં મહાદેવના મંદીર સામે આવેલ અવાડા પાસે સ્ટ્રીટ લાઈટના અંજવાળે પૈસાની હારજીત વડે નસીબ આધારિત તીનપત્તીના જુગારની બાઝી માંડી બેઠેલ સંજયભાઈ ગોકુળભાઈ વિંધાણી ઉવ.૨૩ રહે.પંચમુખી ઢોરો હળવદ, વિનોદભાઈ ધીરાભાઈ ભદ્રેશીયા ઉવ.૩૦ રહે.પંચમુખી ઢોરો હળવદ, હીદાયતભાઈ દાઉદભાઈ પોરડીયા ઉવ.૨૫ રહે.પંચમુખી ઢોરો હળવદને રંગેહાથ હળવદ પોલીસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડ રૂ.૧૧,૫૦૦/-ના મુદામાલ કબ્જે લઇ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મીઠા મધુરા તરબૂચની ધૂમ આવક.....



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ઉનાળાની શરૂઆત થતા જ ફળોમાં એક મહત્વના ગણાતા એવા તરબૂચનું આગમન થઈ ચુકયું છે. આમ તો હવે તરબૂચ બારેમાસ મળી રહ્યા છે પરંતુ તરબૂચ ખાવાની ખરી મજા ઉનાળામાં જ હોય છે. રાજકોટ માર્કેટ યાર્ડ ખાતે તરબૂચની ધૂમ આવક થઈ છે. તરબૂચ હાલ બજારમાં રૂા.૨૦થી ૨૫ના પ્રતિ કિલો રીટેલમાં વેચાઈ રહ્યા છે.

# અનુબંધ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા મહાવીર સેવા ટ્રસ્ટ રાજકોટના સહયોગથી વડીલો માટે જીવન સાથી પરિચય સંમેલન યોજાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર ભારતભરમા વડીલો ના જીવન સાથી પરિચય ના ૮૨ સફળતમ બાદ રાજકોટ મા ઢળતી ઉંમરે એકલતા દૂર કરવા તેમજ પાનખર મા વસંત લાવવાની ક્રાન્તિકારી કાર્ય રૂપે એકલવાયુ જીવન જીવતા વડીલો માટે છેલ્લા ૨૨ વર્ષ થી સમગ્ર ભારત ભર મા ભવ્ય અને નોંધપાત્ર સફળતમ સંમેલનો થયા બાદ રાજકોટ મુકામે અનુબંધ ફાઉન્ડેશન અમદાવાદ અને શ્રી મહાવીર સેવા ટ્રસ્ટ રાજકોટ ના સહયોગ થી વૃષભ વાટિકા ૫ સી.એમ.શેઠ ફાર્મ હાઉસ ખાતે ધર્મ-જ્ઞાતિ ના ભેદભાવ વિના વડીલો માટેના જીવન સાથી પરિચય નું ૮૩ મું સફળતમ સંમેલન યોજાઈ ગયુ.



આ સંમેલન મા કુલ ૨૧૫ ઉમેદવારોએ પસંદગી સંમેલન મા ભાગ લીધો હતો. જેમા ૧૭૫ પુરૂષો અને ૪૦ મહિલા ઉમેદવારો હાજર રહ્યા હતા. નોંધપાત્ર ઉલ્લેખનીય બાબત એ છે કે વડીલો માટેના પરિચય પસંદગી સંમેલન મા સ્થળ ઉપર અનેક વડીલ પુરૂષો અને મહિલાઓ સ્પોટ એન્ટ્રી કરાવવા ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ ઉમેદવારો ની સંખ્યા વધી જતા અનિવાર્ય વહીવટી સંયોગવસાત આયોજકો દ્વારા સ્પોટ એન્ટ્રી બંધ કરવાની ફરજ પડેલ હતી.

આ સંમેલન મા મુખ્ય મહેમાન ના સ્થાને મહાવીર સેવા ટ્રસ્ટ ના ચંદ્રકાંતભાઈ શેઠ, કાર્યક્રમ ના ઉદઘાટક દિકરા નું ઘર વૃદ્ધાશ્રમ, ઢોલરા - રાજકોટ ના અનૂપમભાઈ દોશી , અતિથિ વિશેષ ના સ્થાને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ રાજકોટ ના મિતલભાઈ ખેતાણી, રઘુવંશી મહિલા અગ્રણી કાશ્મીરા બેન નથવાણી, ,શિવસેના અને ગણેશોત્સવ ના અગ્રણી જીમ્મી ભાઈ અડવાણી વિગેરે ઉપસ્થિત રહી પ્રેરક ઉદબોધન કરેલ હતુ.

વડીલો માટેના આ જીવન સાથી પસંદગી પરિચય સંમેલન ને સફળ બનાવવા પઅનુબંધ ફાઉન્ડેશન અમદાવાદ ના ચેરમેન નટુભાઈ પટેલ, કો ઓરડીનેટર નવિનભાઈ પટેલિયા રઘુવંશી રાજકોટ-પૂના, શોભનાબહેન વિઠલાણી,કિન્નરી બેન લાખણી મુંબઈ,ભૂપત ભાઈ સોની,ગણપતભાઈ રાઠોડ, રાજકોટ ના રઘુવંશી અગ્રણી અને સામાજિક કાર્યકરો અજયભાઈ સંઘાણી,અશોકભાઈ હિંડોચા, પિયુષ ભાઈ હિંડોચા, આશિષ ભાઈ પૂજારા, ભૂપેન્દ્રભાઈ ઉનડકટ,અમરસીભાઈ રૂપાણી, જનકભાઈ રવેશિયા અને જય કૃષ્ણ ભાઈ પંચોલી સહીતનાઓએ ભારે જહેમત ઉઠાવેલ હતી.

## માણેકવાડા ગામે ઝડપાયેલ જુગાર ક્લબનો સંચાલક પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

કોટડા સાંગાણી તાલુકાના માણેકવાડા ગામે ધમધમતી જુગાર ક્લબ પર સ્ટેટ મુનિટરિંગ સેલ ની ટીમે દડો પાડી લાખોનો મુદ્દામાલ કબજે કરી અને જુગારીઓને ઝડપી કોટડા સાંગાણી પોલીસમાં ગુનો નોંધાયો હતો આ ક્લબના સંચાલક મહેન્દ્રસિંહ ભીખુભા જાડેજા રહે માણેકવાડા ની ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે અટકાયત કરી તેના પાષાના કાગડો તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલાવતા તેના પર મહોર લગાવી દેતા જુગાર ક્લબના સંચાલક મહેન્દ્રસિંહ જાડેજા ને સુરત લાજપોર જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યા છે.

# બાળકી પર કુતરાનો ઘાતક હુમલો , કમકમાટીભર્યું મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

ભાણવડ નજીક આવેલા રૂપામોરા ગામ ખાતેની એક વાડી વિસ્તારમાં રહેતા સગર પરિવારની ૧૧ વર્ષની માસુમ પુત્રીને જંગલી કુતરાઓએ હુમલો કરી અને ઈજાઓ પહોંચાડતા લોહી-લુહાણ હાલતમાં આ બાળાનું મૃત્યુ નીપજતા સમગ્ર ભાણવડ પંથકમાં ભારે અરેરાટી પ્રસરી જવા પામી છે.

ભાણવડ તાલુકાના રૂપામોરા ગામ નજીક રહેતા સગર હીરાભાઈ પીપરોતર નામના એક યુવાન ગઈકાલે રવિવારે તેમના ખેતરમાં કામ કરી રહ્યા હતા, ત્યારે તેમની ૧૧ વર્ષની પુત્રી પુરી પાણીની મોટર ચાલુ કરવા માટે ગઈ હતી. અહીં ધોરીયામાં બેઠેલા ચાર-પાંચ જેટલા કુતરાઓએ પુરી ઉપર હુમલો કરી દેતા આ બાળા કાંઈ સમજે તે પહેલા ખૂંખાર કૂતરાઓ તેણીના ગળા, પેટ તેમજ પગમાં બચકા ભરવા લાગતા નજીક રહેલા



તેણીના પરિવારજનો દોડી આવ્યા હતા.અહીં ગંભીર રીતે લોહી લુહાણ હાલતમાં રહેલી બાળકીને તાકીદે ભાણવડની સરકારી હોસ્પિટલે લઈ જવામાં આવી હતી. પરંતુ વધુ લોહી વહી જવાના કારણે રસ્તામાં જ તેણીનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું.પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી મૃતક પુરીબેન પીપરોતરના પિતા હીરાભાઈને સંતાનમાં છ પુત્રી અને એક પુત્ર છે. સવારે વાડીએથી શાળાએ જતા આ વિસ્તારમાં કુતરાઓનો વ્યાપક ત્રાસ હોવાથી અનેક વાલીઓ ચિંતિત છે. ત્યારે ખૂંખાર કુતરાઓની ગેંગ હજુ અન્ય કોઈનો જીવ લ્યે તે પહેલા તમામને પકડી લેવા અથવા અન્ય જગ્યાએ મૂકી દેવા માટેની માંગ ગ્રામજનોમાં ઉઠવા પામી છે. ૧૧ વર્ષીય વિદ્યાર્થીની સાથે બનેલા આ બનાવ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટ દ્વારા પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.રૂપામોરામાં આ ચાર-પાંચ કુતરાઓ ઘણા સમયથી આતંક મચાવી રહ્યા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. થોડા દિવસો પહેલા બે પાડી ઉપર પણ હુમલો કરી, પાડીને મારી નાખી હતી. આ ઉપરાંત અહીંના બે નાનકડા છોકરા ઉપર પણ હુમલો કર્યો હતો. પરંતુ નજીકમાંથી લોકો દોડી આવતા આ કુતરાઓ બાળકને ઘાયલ કરી અને નાસી ગયા હતા. આ બનાવે સમગ્ર ભાણવડ પંથકના ભારે ચર્ચા સાથે અરેરાટી પ્રસરાવી છે.

# માધાપર ચોકડીએ ઈકો કારમાં મુસાફરો ભરવા બાબતે યુવાનને બે શખ્સોએ ધોકાવ્યો

## પડધરીના ખોડાપીપર ગામના અનુ. જાતિ યુવાનને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઇ

**મુખ્ય સમાચાર રાજકોટ**

માધાપર ચોકડીએ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર થી જામનગર રોડ તરફ જવાના રસ્તે ઓવરબ્રિજ નીચે ઈકો કારમાં પેસેન્જર ભરવા બાબતે બે શખ્સોએ અનુજાતી યુવાનને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી માર મારતા યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ પડધરી તાલુકાના ખોડાપીપર ગામે રહેતો અને ઈકો કાર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો પ્રકાશ રવજીભાઈ બારીયા અનુજાતી યુવાને ગાંધીગ્રામ બે યુની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જેમાં સામેવાળો જામનગરનો સિધ્ધરાજસિંહ ઝાલા તથા અજાણ્યા માણસો વિરુદ્ધ ફરિયાદ કરી છે કે ગઈકાલે માધાપર ચોકડીએ ઓવરબ્રિજ નીચે ઈકો કારમાં પેસેન્જર ભરવા બાબતે આ સક્ષોએ યુવાનને નદી પ્રત્યે અપમાનિત કરી પ્લાસ્ટિકના પાઇપ તથા ટીકા પટ્ટુનો માર મારી શરીરે ઇજા કરી પગમાં લોખંડના પાઇપ વડે માર મારી ગંભીર ઈજા કરી નાસી જતા યુવાનને સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો બનાવના પગલે પી.એસ.આઇ ડી આર રતનું એ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર વિસ્તારના કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ઋત્વીકભાઈ મકવાણાને ઠેર ઠેરથી આવકાર

## વિરમગામના ખેંગારિયા પ્રચાર અર્થે આવેલા ઋત્વીકભાઈને તન,મન અને ધનથી ગ્રામ્યવાસીઓએ મદદ કરી

**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**

**ચોટીલાઃ** લોકસભા ૨૦૨૪ની ચુંટણીની જાહેરાત થઈ ત્યારથી ગુજરાતની અલગ અલગ સીટો પર રાજકીય પક્ષના ઉમેદવારોએ જીત હાંસલ કરવા અલગ અલગ દાવ પેચ લગાડવાનું શરૂ કરી દીધું છે. આખા ભારતમાં ૭ તબક્કામાં યોજાનાર આ લોકસભા ચુંટણી લોકશાહીનું વિશ્વભરનું સૌથી મોટું પર્વ છે. હાલ ગુજરાતમાં ભાજપ પક્ષના રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ એક કાર્યક્રમમાં ભારતના રાજા મહારાજાઓ વિશે અભદ્ર વાણી વિલાસ કરતા ક્ષત્રિય સમાજ રોષે ભરાયો છે અને ભાજપ પક્ષ પાસે પુરુષોત્તમ રૂપાલાની ટીકીટ રદ કરવા માંગણી કરી રહ્યો છે ત્યારે સુરેન્દ્રનગર-૯ લોકસભાના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર ઋત્વિકભાઈ મકવાણાને કોંગ્રેસ પક્ષે પક્ષ પ્રત્યેની વારસાઈ વફાદારી અને તેમની કાર્યશૈલી જોઈને ટિકિટ આપી છે ત્યારે ઋત્વિકભાઈ મકવાણા ગત વિધાનસભા ચુંટણીમાં હાર નો સામનો કરેલ હોઈ અને લોકસભા ચુંટણી જીતવા માટે નાણાં તથા સંશાધનોની કમી હોય તેવું તેમના પિતા લવજીભાઈ મકવાણાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવેલ




હતું. તેની નોંધ લઇને ગઈ કાલે ઋત્વિકભાઈ મકવાણા વિરમગામ વિસ્તારમાં પ્રચારમાં હતા ત્યારે વિરમગામ તાલુકાના ખેંગારિયા સમસ્ત ગામના અઢારે વરણના લોકોએ આવનારી ચુંટણી લડવા માટે સાથ સહકાર સાથે આર્થિક યોગદાન પણ આપ્યું હતું. આ બાબતે વાત કરતા સુરેન્દ્રનગર-૯ લોકસભાના ઉમેદવાર ઋત્વિકભાઈ મકવાણા એ ભાવુક થઈને જણાવ્યું હતું કે રાજકીય પાર્ટીના ઉમેદવાર તરીકે ગ્રામ્ય વિસ્તારમાં મત માંગવા જઇએ અને ગામ લોકો તરફથી આવી લાગણી મળે આવી ક્યારેય કલ્પના નહોતી કરી. મારા દાદા સ્વ. કરમશીભાઈ મકવાણા જ્યારે ચુંટણી લડતા ત્યારે આવા બનાવો અવાર નવાર બનતા કે કરમશીદાદા ને લોકો નોટ અને વોટ બંને આપતા પણ આ મારા બાળપણની ઘટના હતી ખેંગારિય ગામના લોકો તરફથી મળેલ આર્થિક સહયોગ મારા માટે કરોડો અબજો કરતા પણ કિંમતી છે. આપનો સહયોગ મને આગામી લોકસભામાં ૧૦૦% વિજયી બનાવશે એવી મને ખાત્રી છે.

સુરેન્દ્રનગ લોકસભાની આ ઘટના હાલના રાજકારણમાં મોટા પડકાર રૂપ છે. કે જ્યારે પક્ષો અને ઉમેદવારો ચુંટણી જીતવા માટે શામ દામ દંડ ભેદ ની નીતિ અપનાવે છે. પૈસા દારૂ તથા પાર્ટીઓની રેલમ છેલ કરે છે ત્યારે સુરેન્દ્રનગર લોકસભા ના ઉમેદવારને મતદાતાઓ તરફથી મળેલ રૂપિયાની મદદ રાજકારણમાં નવી પહેલ છે.

# મોટર સાયકલ વડે હાઈ-વે રોડ ઉપર રેસ લગાવી રોકડ રકમની હાર જીત કરતા ચાર ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લામાં પ્રોહી જુગાર અંગેની પ્રવૃતી સદંતર બંધ કરાવવા અંગે સુચના કરેલ હોય જે અનુસંધાને જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂએ દ્વારા જીલ્લામા પ્રોહી જુગાર સદંતર બંધ કરવા સુચના કરવામાં આવેલ હોય તેમજ જામનગર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક આર.બી.દેવધા હ તથા સર્કલ પો.ઈન્સ વી.એચ.પટેલ સા.ના માર્ગદશન મુજબ સિકકા પો.સ્ટેના પો.સબ.ઈન્સ. આર.એચ.બાર સાહેબ ના માર્ગદર્શન મુજબ દારૂ - જુગારની પ્રવુતિ સદંતર બંધ કરવા પો.હેડ કોન્સ.જીતેન્દ્રસિંહ એમ.જાડેજા તથા અર્જુનસિંહ રામદેવસિંહ



જાડેજા તથા પોલીસ કોન્સ રઘુવિરસિંહ ભુપતસિંહ જાડેજા તથા વિજયભાઇ ડાયાભાઇ કારેણા તથા દિલીપસિંહ હરૂભા જાડેજા તથા લાલજીભાઇ ગોબરભાઇ રાતડીયા વીગેરે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન પોલીસ હેડ કોન્સ અર્જુનસિંહ જાડેજા તથા પોલીસ કોન્સ રઘુવિરસિંહ ભુપતસિંહ જાડેજા તથા દિલિપસિંહ હજુભા જાડેજા ને ખાનગીરાહે બાતમી હકિકત મળેલ કે અમુક ઇસમો જામનગર એરપોર્ટ ટી સર્કલથી બેડ ટોલનાકા સુધી મોટર સાયકલથી રેસ લગાવી રોકડ રકમની હારજીત કરવાની શરત મારી જાહેર હાઇવે રોડ ઉપર સ્ટંટ કરી પોતાનુ વાહન ફુલ સ્પીડમા બેદરકારી રીતે ચલાવી આવવાની બાતમી આધારે કુલ -૪ ઇસમોને રોકડ રૂ. - ૨૦૦૦તથા મો.સા. - ૪ કિ.રૂ -૧,૬૦,૦૦૦ મળી કુલ રૂ -૧,૬૨,૦૦૦ ના મુદામાલ સાથે પકડી આ તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી આગળની તપાસ પો.હેડ.કોન્સ જે.એમ.જાડેજાએ હાથ ધરેલ છે પકડાયેલ આરોપીઓ અલ્તાફભાઇ અકબરભાઇ બારોયા રહે.નાગાણી સરમત નાગાણીપીરની દગાહ પાસે સિક્કા તા , જી , જામનગર રવિભાઇ ગોપાલભાઇ ચૌહાણ રહે.કારાભૂંગા ખોડીયાર માતાના મંદિરની બાજુમા સિક્કા તા , જી , એલીયાસભાઇ સલીમભાઇ હુંદડા રહે.ગરીબ નવાઝ ચોક પાછળ સિક્કા તા , જી , સાલેમમામદ ઓસમાણભાઇ ગંઢાર રહે.નાગાણી સરમત નાગાણીપીરની દગાહ પાસે સિક્કા તા , જી , જામનગર આ કાર્યવાહી સિક્કા પોલીસ સ્ટેશનના પો.સબ.ઇન્સ . આર.એચ.બાર તથા પો.હેડ કોન્સ.જીતેન્દ્રસિંહ એમ.જાડેજા તથા અર્જુનસિંહ રામદેવસિંહ જાડેજા તથા પોલીસ કોન્સ રઘુવિરસિંહ ભુપતસિંહ જાડેજા તથા વિજયભાઇ ડાયાભાઇ કારેણા તથા દિલીપસિંહ હરૂભા જાડેજા તથા લાલજીભાઇ ગોબરભાઇ રાતડીયા વિગેરેનાઓએ કરેલ છે .


# ધોરાજી તાલુકામાં વિધવા મહીલાનો એકલતાનો લાભ લઈને તેના પર સામુહીક બળાત્કાર ગુજારી ઘરમાંથી કાઢી મુકવાનો કીસ્સો સામે આવ્યો

## ગુજરાત હાઈકોર્ટના આદેશથી અંતે વિધવા મહીલાની ફરિયાદ ધોરાજી તાલુકા પોલીસે નોંધી

**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ધોરાજીઃ** ધોરાજી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી મહીલાએ તેમના પર સામુહીક દુષ્કર્મની પોલીસ ફરીયાદ નોધાવી હોવાનુ સામે આવેલ છે. જેમા આ બનાવ અંગે મહીલા અગાઉ પણ તેમની સાથે થયેલ દુષ્કર્મના બનાવ અંગે ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધવા માટેની અખાદ મહેનત કરાયેલ હતી પરંતુ જે તે સમયના ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટરે મહીલાની પોલીસ ફરીયાદ ન નોંધી અને મહીલા સાથે બનેલ બનાવમાં કોઇપણ પ્રકારની કાર્યેવાહી નહી કરતા મહીલાએ અંતે ગુજરાત હાઇકોર્ટના દરવાજા ખખડાવયા હતા અને આ મામલે પોતાના વકીલ મારફત ફરીયાદ દાખલ કરવા માટે પીટીશન ફાઇલ કરી હતી. આ પિટિશન બાદ ગુજરાત હાઇકોર્ટે મહીલાની ફરીયાદ નોધવા માટે પોલીસને હુકમ ફરમાવેલ છે અને આ બાબતમાં ધોરાજી તાલુકા પોલીસ મથકમાં અંતે આ ભોગ બનનાર મહીલાની પોલીસ ફરીયાદ નોંધવામાં આવી છે જેમા મહીલાએ તેમના નણદોયા, નણંદો તથા સાસુ વીરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી છે.

આ અંગેની પ્રાપ્ત વીગતો અનુસાર





ધોરાજી તાલુકાની એક કડવા પાટીદાર પરીવારની વીધવા મહીલાએ તેમની સાથે થયેલ બનાવમાં તેમના નણદોયા ઉપલેટાના ભાવેશ રજનીકાન્ત ધોળકીયા, જુનાગઢના અશોક ચીમનભાઇ વાછાણી દ્વારા મહીલાની ઇચ્છા વીરૂધ્ધ બળજબરીથી બળાત્કાર ગુજારેલ હોય તથા તે બનાવમાં વીધવા મહીલાની નણંદો ઉપલેટાના સીમાબેન ભાવેશભાઇ ધોળકીયા, રાજકોટ(મુળ.અમરેલી) ના જીપ્સાબેન જગદીશભાઇ છત્રોલા, રાજકોટ(મુળ.મોટી મારડ) ના લેરમાબેન દીલીપભાઇ રાછડીયા, જુનાગઢના રાધીકાબેન અશોકભાઇ વાછાણી તેમજ મહીલાના સાસુ ધોરાજી તાલુકાના સાધનાબેન ગોંવીદભાઇ અઘેરા દ્વારા મદદગારી કરી વીધવા મહીલાની ઇચ્છા વીરૂધ્ધ તેના પતીના અવસાન બાદ વીધવા મહીલાની એકલતાનો લાભ લઇ મારામારી કરેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનાને સામુહીક રીતે અંજામ આપેલ હોય જે બાબતે તમામ સામે ગુજરાત હાઇકોર્ટેના હુકમ બાદ વીધવા મહીલાની ફરીયાદ અનુસાર આઇ.પી.સી. કલમ૩૭૬(ડી), ૩૨૩, ૫૦૬(૨), ૩૪૨, ૧૧૪ મુજબ ગુન્હો ધોરાજી તાલુકા પોલીસ મથકમાં નોધવામાં આવેલ છે.

આ અંગે મીડીયા દ્વારા ગુજરાત હાઇકોર્ટેના હુકમ બાદ તા.૨૬/૦૩/૨૦૨૪ ના રોજ નોંધાયેલ પોલીસ ફરીયાદ અંગે માહીતી માટે ધોરાજી તાલુકા પોલીસના તપાસ અધીકારીનો સંપર્ક કરતા તપાસ અધીકારી અને ધોરાજી તાલુકા પોલીસના પોલીસ સબ ઈન્સ્પેકટર વીક્રમસીંહ જેઠવા દ્વારા જણાવવામાં આવેલ છે કે, આ મામલે પોલીસ ફરીયાદ દાખલ થઇ છે જેમા આ સમગ્ર બનાવ અંગેની હાલ તપાસ ચાલી રહેલ છે અને હાલ આ મામલે કોઇપણ અટકાયત કરેલ નથી અને વધુ તપાસ ચાલુ છે.

આ અંગે એવી વીગતો પ્રાપ્ત થયેલ છે કે, વીધવા મહીલાના પતીના વર્ષ ૨૦૨૧ માં અવસાન બાદ તેમના સાસરીયાઓ દ્વારા વીધવા મહીલાના પતીના અવસાન બાદ આ મહીલા પર ખોટા ગંભીર આક્ષેપો કરી વારંવાર શારીરીક અને માનસીક દુ:ખ ત્રાસ આપતા હતા. આ વીધવા મહીલાના માતાપીતા અવસાન પામેલ હોય તથા તેના માવતરના પરીવારના કોઇ સભ્યો ભારત દેશમાં ના રહેતા હોય જેનો ગેરલાભ લઇ અને તેની એકલતાનો લાભ લઇ વીધવા મહીલાના પતીના હક્કની મીલ્કત જબદસ્તી પચાવી પાડેલ અને વીધવા મહીલાને તથા તેમના બે સગીર બાળકોને ઘરમાંથી કાઢી મુકી તરછોડી દીધેલ હોય તથા વીધવા મહીલાને ગામ તેમજ વિસ્તાર બજબરીથી મુકાવેલ હોય તેવી પણ માહિતીઓ સામે આવેલ છે.

# વાંકાનેરના જડેશ્વર બસ સ્ટેન્ડ નજીકથી જામગરી બંદૂક સાથે યુવકને દબોચી લેતી મોરબી એસઓજી ટીમ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એસઓજી પોલીસ ટીમ દ્વારા એક ઈસમને જામગરી બંદૂક સાથે ઝડપી લઇ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકાના જડેશ્વર ગામના બસ સ્ટેન્ડ પાછળથી મોરબી એસઓજી ટીમે આરોપી જાવેદભાઇ અલ્લારખાભાઇ સંઘવાણી ઉવ.૨૫ રહે.માલાણી શેરી સંઘવાણી વાસ માળીયા મી.ને પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે પાસ પરવાના વગર દેશી બનાવટની જામગરી બંદૂક કિં.રૂ.૫,૦૦૦/-ના મુદ્દામાલ સાથે રાખી જાહેરમાં નિકળતા ઝડપી લેવાયો હતો. પકડાયેલ આરોપી સામે આર્મ્સ એક્ટ તથા જીપી એક્ટ હેઠળ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ગુનો રજી.કરી આગળની તપાસ ચલાવી છે.

# જામનગરમાં ફોટોગ્રાફર ઉપર ભાડા પ્રશ્ને હુમલો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સરલાબેન આવાસમાં રહેતા એક ફોટોગ્રાફર યુવાન પર તેના જ ભાડુઆતે હુમલો કર્યો છે, અને હાથમાં ફ્રેક્ચર કરી નાખ્યું છે. ભાડુઆત લાંબા સમયથી ભાડું ભરતો ન હોવાથી મકાન ખાલી કરાવતાં ઉસકેરાઈ જઈ આ હુમલો કરાયા નું પોલીસમાં જાહેર થયું છે.આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ન્યુ આરામ કોલોની માં રહેતા અને ફોટોગ્રાફી નો વ્યવસાય કરતા રમેશભાઈ નાનજીભાઈ કણજારીયા કે જેની માલિકીનો સરલાબેન આવાસ ભવનમાં



ફ્લેટ આવેલો છે, જે ફ્લેટ તેણે જામનગરના મુકેશ પ્રેમનારાયણ સોની નામના શખ્સને ભાડેથી આપ્યો હતો. જેનું ભાડું ચડત થઈ ગયું હતું, અને ભાડાની રકમ આપતો ન હોવાથી મકાન માલિકે પોતાનું મકાન ખાલી કરાવડાવ્યું હતું તેથી ભાડુઆત ઉસ્કેરાઈ ગયો હતો, અને મકાન માલિક રમેશભાઈ કણજારીયા પર હુમલો કરી હાથ મરડી હાથમાં ફ્રેક્ચર કરી નાખ્યાનું પોલીસમાં જાહેર થયું છે. જયારે ફોટોગ્રાફરને જી.જી. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઇ છે. પોલીસે ભાડુઆત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કુવાડવા રોડ પર ઈજાગ્રસ્ત વૃદ્ધાને સારવારમાં ખસેડી પરિવાર સાથે પોલીસે મિલન કરાવ્યું

## વૃદ્ધાનો જીવ બચાવી પરિવારનો ભેટો કરાવનાર પોલીસ કર્મીઓની કામગીરીને પરિવારે બિરદાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ ઉપર એક વૃદ્ધા ઈજાગ્રસ્ત હાલતમાં પડયા હોવાની માહિતી મળતા જ મહિલા પોલીસ સ્ટેશન ખાતે કાર્યરત મહિલા વિભાગની શી ટીમ દ્વારા ઈજાગ્રસ્ત વૃદ્ધાને સારવારમાં ખસેડી પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું હતું. વૃધ્ધાનું પુનઃમિલન કરાવનાર શી ટીમનો પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો. રાજકોટ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, અધિક પો.કમિશ્નર વિધિ ચૌધરી, નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફીક પૂજા યાદવ અને મદદનીશ પોલીસ કમિશ્નર મહિલા સેલ આર.એસ.બારીઆના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર આઈ.એન. સાવલિયાની સૂચનાથી મહિલા વિભાગ શી ટીમના ઇન્ચાર્જ દક્ષાબેન મકવાણા, કિરણબેન બહુકીયા, રોજિબાનુ શાહમદાર અને હંસાબેન પઢીયાર રાજકોટ શહેર



વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મધરાત્રે બારેક વાગ્યાના અરસામાં એક વૃદ્ધા કુવાડવા રોડ ઉપર ઈજાગ્રસ્ત હાલતમાં પડયા હોવાની માહિતી મળતા જ ઘટના સ્થળે દોડી ગયા હતા અને ઈજાગ્રસ્ત વૃદ્ધાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા વૃદ્ધા પાસેથી તેમના પરિવારની વિગત મેળવી તેમના પુત્રનો સંપર્ક કર્યો હતો અને પુત્રને હોસ્પિટલ બોલાવવામાં આવ્યો હતો.

અને ઇજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા વૃદ્ધાને તાત્કાલિક સારવારમાં ખસેડી નવજીવન અર્પણ કરી પરિવાર સાથે પુનઃમિલન કરાવનાર મહિલા વિભાગની શી ટીમનો પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો ત્યાં પહોંચી માજી ને મળતા જણાવેલ કે તેઓ રસ્તા પર ચાલતા ચાલતા પડી ગયેલ છે. તેમને જોતા પ્રથમ પ્રાથમિક સારવાર ની જરૂર જણાતા મહિલા વિભાગ શી ટીમમાં તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ લઈ જઈ તેમની પ્રાથમિક સારવાર કરાવી તેમના પુત્રોનો સંપર્ક કરી તેમના પુત્રોને હોસ્પિટલ બોલાવી તેમને સોંપી મદદ કરેલ હતી.

# રાજકોટ સહિત અનેક શહેરોમાં વાહન ચોરી કરતો વાંકાનેરનો શખ્સ ઝડપાયો

## ડીસીપી ઝોન–૨ એલસીબીની ટીમે તસ્કરને દબોચી લઈ રૂા.૨.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વાહનચોરીના નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલવાની સૂચના અન્વયે આંસીબીએ રાજકોટ, અમાદાવાદ, ખેડામાંથી છ બાઈકની ચોરી કરનાર વાંકાનેરના શખ્સને ઝડપી લઈ સવા બે લાખના છ બાઈક કબ્જે કર્યા છે.

રાજકોટ એલસીબી ઝોન ૨ પીએસઆઇ એચ આર ઝાલા અને ટિમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન સ્ટાફને મળેલી બાતમી આધારે વાંકાનેરના નવા કણકોટ ગામના લાલજી કરશનભાઈ માલકિયાને



અટકાવી આકરી પૂછતાછ કરતા પોતે છ બાઈક ચોરીની કબૂલાત આપી હતી અપડાઉન કરતા લોકો જ્યાં પાર્કિંગ કરતા હોય ત્યાં વોચ રાખી ચોરી કરતો હોવાનું અને આ એમઓથી તેણે માધાપર ચોકડી, ગ્રીનલેન્ડ ચોકડી, હોસ્પિટલ ચોક, આજી ડેમ ચોકડી, બામણબોર ટોલનાકુ, કુવાડવા ચોકડી, સૂર્યારામપુરા સહીત આંઠ સ્થળેથી ચોરી કર્યાની કબૂલાત આપી હતી તેમ રાજકોટ, અમદાવાદ, ખેડાના છ ગુનાના ભેળ ઉકેલી નાખ્યા છે અગાઉ બે ગુનામાં પકડાયેલ લાલજી પાસેથી પોલીસે સવા બે લાખના બાઈક કબ્જે કર્યા છે.

# ભાવનગર રોડ પર મનહરપરામાં પાડોશીઓ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું

## કાળીપાટ ગામે બાઈક લઇ શેરીમાં નીકળવા પ્રશ્ને નવ શખ્સોનો યુવાન પર ધોકા પાઈપથી હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ભાવનગર રોડ પર થોરાળા પોલીસ સ્ટેશન સામે આવેલા મનહરપરા અને કાળીપાટ ગામે ન જીવી બાબતે મારામારી થયાના બે બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.

જેમાં પ્રથમ બનાવવામાં ભાવનગર રોડ પર મનહરપરા શેરી નંબર ત્રણમાં રહેતો અને જાની હોટલ ચલાવતો બચુભાઈ લક્ષ્મણભાઈ ધોળકિયા ભરવાડી યુવા ને થોરડા પોલીસમાં પડોશમાં રહેતો કિશન રાજુ જોગરાણા મેહુલ રાજુ જોગરાણા રાજુ ગેલા જોગરાણા અને રઘુગેલા સહિત ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે તેનો પુત્ર યસ સાયકલ લઇ





શાળાએ જતો હતો ત્યારે સામેથી કિશન જોગરાણા એકટીવા લઈ નીકળતા શેરીમાં એકટીવા રાખી બોલાચાલી કરી હોય જે બાબતનો ઠપકો આપવા છતાં બચુભાઈ ધોળકિયા અને તેના પુત્ર પર ચાલી શકશો એ લાકડાના ધોકા વડે હુમલો કરી માર મારી પિતા પુત્રને ગંભીર ઇજા કરતા સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા બનાવના પગલે થોરાળા પોલીસના પી.એસ.આઇ એચ કે રાવલ સહિતના સ્ટાફે ગુનો નોંધી હુમલાખોર ચારેય શખ્સોની શોધ કોડ શરૂ કરી છે.

જ્યારે બીજા બનાવમાં શહેરની ભાગોળે આવેલા કાળીપાટ ગામે રહેતો સુરેશ વાલજીભાઈ લુણસિયા એ ગામમાં રહેતો જેન્તી ચના ચાંડપા બીપીન ચના ચાંડપા અનિલ મનુ ચાંડપા શંકર ચાંડપા પરેશ તથા રમેશ અને શારદા જયંતિ તથા જાગુ અને હિરેન સહિતના નવ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે તેનો પુત્ર શેરીમાંથી બાઇક લઇ નીકળતો હોય ઉપરોક્ત સોએ અમારી શેરીમાંથી તારો પુત્ર કેમ બાઈક લઇ નીકળે છે તેમ કહી ધોકા અને પાઇપ વડે હુમલો કરી ગંભીર ઈજા કરતા આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પી.એસ.આઇ એચ જે સોલંકી એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# કોઠારિયા નાકા પાસે જુગાર રમતા આઠ સોની વેપારી ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારિયાનાકા પાસે આવેલો શિવા મહારાજા સોસાઈટીમાં હિરેન બારભાયાના મકાનમાં ચાલતી જુગાર કલબ પર પોલીસે દરોડો પાડીને સંચાલક સહિત આઠ સુવર્ણકાર વેપારીઓને પત્તા ટીચતા ઝડપી તેમની પાસે રહેલ રૂ. ૧૪.૪૦૦ રોકડ ઝમ કરીને જુગાર ધારા હેઠળ કાર્યવાહી કરી હતી.

દરોડાની મળતી માહિતી અનુસાર, એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી. બારોટના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.એચ.પરમાર, એએસઆઈ એમ.વી.લુવા, હેડ કોન્સ્ટેબલ કે.કે.આહીર, એ.જે બસિયા તેમજ કોન્સ્ટેબલ રમેશ માલકિયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મધરાત્રિના સમયે બાતમીના આધારે કોઠારીયા નાકા પાસે આવેલા શિવા મહારાજા સોસાયટીમાં આવેલા અમૃત નિવાસ નામના મકાનમાં દરોડો પાડયો હતો. પોલીસે મકાનના નીચેના રૂમમાં તલાસી લેતાં ગોળ કુંડાળું કરીને કેટલા શખ્સો જુગાર રમી રહ્યા હવોનું જાણવા મળ્યું હતું.

કલબ સંચાલક હિરેન બારભાયા સહિતે પોલીસે સંજય લડોલા, જીતેન ઝીઝુવડિયા પરેશ રાજપરા, પ્રશાંત પડિયા, પ્રતીક વાગડીયા અમિત રાઠોડ, નરેશ ભીલ નામના શખ્સોની અટક કરી હતી. તેમજ તેમની પાસે રહેલા રોકડ રૂ.૧૪.૪૦૦ જપ્ત કરીને જુગાર ધારા હેઠળ જરૂરી કાર્યવાહી કરી હતી. તેમજ તમામ પત્તાપ્રેમીઓ સુવર્ણકાર વેપારી હોવાની જાણવા મળ્યું હતું.

# મોરબી રોડ પર નામચીન ઈભલા આણી ટોળકીનો દલિત પરિવાર પર ખૂની હુમલો

## પાનની દુકાને ભૈયાઓને કેમ ભેગા કરો છો તેમ કહી વૃદ્ધ દંપતિ અને પુત્ર પર પાંચ શખ્સો તલવાર ધોકા વડે તૂટી પડ્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કઠે મોરબી રોડ પર રહેતો અને અસંખ્ય ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો નામચીન ઈબ્રાહીમલા અણી ટોળકી એ ફરી લખાણ ઝડકાવી વૃદ્ધ દંપતિ અને તેના પુત્ર સહિતના દલિત પરિવાર પર જીવન હુમલો કરી નાસી જતા ચકચાર મચી જવા પામી છે બનાવો બાદ બી ડિવિઝન પોલીસે હત્યાની કોશિશ અને એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધી હુમલાખોરોની શોધખોળ શરૂ કરી છે. આ બનાવની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શહેરના સામા કાંઠે આવેલા મોરબી રોડ સિટી સ્ટેશન સામે ગણેશ નગર મારે તો અને સિક્યુરિટીની નોકરી કરતો યોગેશ હરજીવનભાઈ મકવાણા નમના અનુજાતી યુવાને બી ડિવિઝન પોલીસમાં મોરબી રોડ નો નામચીન ઈબ્રાહીમ ઉર્ફે ઇભલો કરીમ તથા ફિરોજ કરી મ તથા બે અજાણ્યા ઇસમો સહિત પાંચ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે પાનની દુકાને બેઠો હતો ત્યારે આ નામચીન ઈબલા અને ટોળકી ત્યાં આવી કહેલ કે ભૈયા કેમ ભેગા કરો છો તેમ કહી જ્ઞાતિ પ્રત્યે અડધું જ કરી યોગેશભાઈ ની માતાને ભડાકા જીકી દઈ તેના પિતા હરજીવનભાઈ ને ધોકા વડે માર મારી ફિરોજ સહિતના શખ્સોએ તલવાર વડે હુમલો કરી યોગેશભાઈ ને માથામાં ગંભીજા કરી તેની હત્યા કરવાની કોશિશ કરી નાસી ગયા હતા બનાવ બાદ ઇજાગ્રસ્ત દલિત પરિવારના સભ્યોને સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા બનાવના પગલે બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એસએમ જાડેજા સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો સંવેદનશીલ વિસ્તાર ગણાતા મોરબી રોડ પર દલિત પરિવાર પર ખુની હુમલો થયાની ઘટનાના પગલે આ વિસ્તારમાં પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે ઘટનાના પગલે પોલીસે નામચીન ઈભલો યાણી ટોળકી સામે હત્યા ની કોશિશ અને એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ ઉત્તર વિભાગના નાયબ પોલીસ કમિશનર આર.એસ બારૈયા તપાસ હાથ ધરી છે અને હુમલા ફરો ની શોધ કોણે શરૂ કરવામાં આવી છે.

# પતિને મળવા ઘરેથી નીકળેલી માનસિક બિમાર મહિલા ભુલી પડી

## ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનની ટીમે વ્હારે આવી પરિવાર સાથે મિલન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગઈ તારીખ ૬ના રોજ એક જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં ફોન કરી અજાણી યુવતી ન્યુ જાગનાથ રોડ પાસે બપોરથી એકલી બેઠી છે યુવતીના વર્તન પરથી તે માનસિક બિમાર હોય તેવું લાગે છે તેથી ૧૮૧ મહિલાના કાઉન્સેલર વૈશાલી ચૌહાણ સહીતનો સ્ટાફ દોડી ગયો હતો ૧૮૧ ટીમે યુવતીની પૂછપરછ કરી હતી પરંતુ તેને તેનુ નામ યાદ ના હતુ કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું કે યુવતી તેના પતિને મળવા માટે નીકળી છે યુવતીએ તેના પતિનું નામ જણાવેલ અને તે જૂનાગઢ રહેતા હોવાનું જણાવેલ અહીં રાજકોટમાં માતા પિતા રહે છે પરંતુ યુવતીને તેમનું પ્રોપર એડ્રેસ ખ્યાલ ન હતું યુવતીને એક ફ્લોર મીલ વિશેની જાણ હતી અને ૧૫૦ ફૂટ રીંગ રોડનુ જણાવેલ ત્યારબાદ



યુવતીએ જણાવેલા સરનામે લઈ ગયેલ ત્યાં સ્થાનિક લોકોને પૂછપરછ કરેલ અંતે યુવતીના પાડોશી મેડલ તેમણે યુવતીનું ઘર બતાવેલ યુવતીના ઘરે તેના માતા અને ભાભી હાજર હતા યુવતીના માતાને પૂછપરછ કરતા જાણવા મળેલ કે યુવતી છેલ્લા ૬ વર્ષથી માનસિક રીતે અસ્વસ્થ હોવાથી ઘરેથી અવાર-નવાર નીકળી જાય છે યુવતીએ પતિને મળવાની જીદ કરતા માતા સાથે ઝઘડો થતાં ઘર છોડીને નીકળી ગઈ હતી ૧૮૧ની ટીમે યુવતીનું કાળજી પૂર્વક ધ્યાન રાખવા તેમના માતાને સમજણ આપી હતી.

# મીરા ઉધોગમાં શ્રમિકની ઓરડીમાંથી રોકડ અને મોબાઈલની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મીરા ઉધોગમાં આવેલ કારખાનાની છત ઉપર મજૂરોની ઓરડીમાં તસ્કરોએ ત્રાટકી રૂ.૧૦,૦૦૦ ની રોકડ અને ચાર મોબાઈલ મળે રૂ.૩૮,૦૦૦ ની ચોરી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં થોરાળા વિસ્તારમાં મીરા ઉદ્યોગ શેરી નંબર ૯ માં આવેલ વૈદ મેટલ્સ નામના કારખાનાની છત ઉપર રહેતા મજૂરોની ઓરડીના દરવાજાના નકુચા તોડી ઓરડી અંદર ગેરકાયદેસર પ્રવેશ કરી અજાણ્યા શખ્સે રૂ.૧૦૦૦૦ ની રોકડ અને જુદી જુદી કંપનીના રૂ.૨૮,૦૦૦ ના ચાર મોબાઈલ મળી રૂ.૩૮,૦૦૦ ના મોબાઈલની ચોરી કર્યાની ધર્મેશભાઈ ઉર્ફે ધમો મનસુખભાઈ બોડાએ થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે થોરાળા પોલીસ મથકના પીએસઆઈ જે.એમ. પરમાર સહિતના સ્ટાફે તસ્કરને ઝડપી લેવા ઝઘડો ગતિમાન કર્યા છે.

# જેતપુરના તીન પત્તી ચોકમાં ક્રિકેટનો સટ્ટો રમતા બે પંટરો ઝડપાયાઃ બુકીની શોધ ખોળ

## નવાગઢની નાગબાઈ સોસાયટીમાં જુગાર રમતી ત્રણ મહિલાઓની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

Ipl ની ક્રિકેટ સીઝન ચાલી રહી છે ત્યારે બુકીઓ છાના ખૂણે ક્રિકેટ સત્તાનું મસ મોટુ નેટવર્ક ચલાવી રહ્યા છે ત્યારે જેતપુર સીટી પોલીસે તીન પત્તી ચોક ની બાજુમાં આવેલ જૂની પ્લાઝા જાની હોટલ પાસે જાહેરમાં ક્રિકેટનો સટ્ટો રમતા બે શખ્સોને ઝડપી લઇ બુકી ની શોધ કોડ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુર સીટી પોલીસના હેડ કોન્સ્ટેબલ સીટી વસૈયા તથા જયેશભાઈ દાફડા સહિતનો સ્ટાફ વિસ્તારમા પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે જેતપુર તીન પત્તી ચોકમાં મોબાઈલ ફોન પર ઓનલાઇન ક્રિકેટનો સટ્ટો રમતો સાજીદ યુસુફ મોર તથા ફયાજ ઉર્ફે ગલી રહીમ મુલતાની નમના બે શખ્સોની ધરપકડ કરી મોબાઈલ અને રોકડ સહિત ₹ ૭૮,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો ઝડપાયેલા બંને શખ્સોની આખરી પૂછપર જ કરતા જેતપુર નો ધવલ વેકરીયા નામના બુકી પાસે સોદા પાડતા હોવાનું કબુલાત આપતા પોલીસે બુકિં ધવલ વેકરીયા ની શોધ ખોળ શરૂ કરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં જેતપુર ઉધોગ નગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમડી મકવાણા હેડ કોસ્ટેબલ દિગપાલસિંહ સહિતના સ્ટાફે નવાગઢ બળદેવ ધાર પાસે નાગબાઈ સોસાયટીમાં જાહેરમાં જુગાર રમતી ઢેલી રાણા ઓડેદરા તથા જસી હીરા સોલંકી તથા રોશની મહંમદ શાહ ૩ મહિલાઓની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૧,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો

# ગૌતમ બુદ્ધનગરમાં જુગાર રમતા ચાર ઝડપાયા છ ફરાર

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે ગોંડલ રોડ પર આવેલા વાવડી ગામ પાસે ગૌતમ બુદ્ધ નગર માં કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમતા હોવાની હકીકતના આધારે તાલુકા પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો ઉપાડતા જુગાર રમતો કિશોર ઉર્ફે રાજુ ભીખા રાઠોડ તથા મનસુખ માવજી મકવાણા તથા દિલીપ મનસુખ રાઠોડ તથા રમેશ ગાગજી રાઠોડ સહિત ચારને દબોચી લઈ ₹૧૪,૯૦૦ ની રોકડ કબજે કરી હતી જ્યારે પોલીસ આવવાની પણ પડી જતા અશ્વિન રાજા ડાંગર બાબુ પુના રાઠોડ દિનેશ જગદીશ રાઠોડ કાળુ તથા રઘુ હેંમત જાદવ સહિત ચાર શખ્સો નાસી જતા પોલીસે આ તમામ ની શોધ કોડ આદરી છે.

# યુવતીને મરવા મજબુર કરનાર ધરાર પ્રેમી સામે ફરિયાદ

## પરિણીત પુરુષની ધમકીથી કંટાળી યુવતીએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુંઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સાયલા તાલુકાના નાના સખપર ગામે રહેતી ૨૩ વર્ષીય યુવતીને એક પરિણીત પુરૂષ હેરાન કરતો હતો. પરાણે પ્રેમ સબંધ રાખવા અને તારા બીજે ક્યાંય લગ્ન નહી થવા દઉ તેવી ધમકી આપતા યુવતીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની મૃતકના ભાઈએ પરિણીત પુરૂષ સામે દુસ્પ્રેરણાની ધજાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ સાયલા તાલુકાના નાના સખપર ગામે રહેતા ૩૩ વર્ષીય હરસુખભાઈ હનાભાઈ ભડાણીયા ખેતી કરે છે. તેમનાથી નાની બહેન ૨૩ વર્ષીય કાજલ છે. કાજલબેનને ગામનો અને પરીણીત એવો હરસુખ જેરામભાઈ મકવાણા અવારનવાર હેરાન કરતો હતો. દોઢેક વર્ષ પહેલા વાડીએ મોટર રિપેરીંગ કરવા આવેલા આ શખ્સે કાજલબેનો હાથ પકડયો હતો. ત્યારે કાજલબેનના ભાઈએ તેને ઠપકો આપતા તારાથી થાય તેમ કરી લેજે તેમ કહ્યુ હતુ. ત્યારબાદ પણ હરસુખ મકવાણા અવારનવાર કાજલબેનની વાડીએ જતો હતો અને પરાણે પ્રેમસંબંધ રાખવા દબાણ ધજાળા પોલીસે દુસ્પ્રેરણાનો ગુનો નોંધ્યો કરતો હતો. આ ઉપરાંત તારા બીજે ક્યાંય લગ્ન નહીં થવા દઉ તેમ ધમકી આપતો હતો.

આથી તા. ૩૦મી એપ્રિલના રોજ કાજલબેને તેમના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં મૃતક કાજલબેનના ભાઈ હરસુખભાઈ ભડાણીયાએ હનાભાઈ ગામના હરસુખ જેરામભાઈ મકવાણા સામે દુત્પ્રેરણાની ફરિયાદ ધજાળા પોલીસમાં નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# રૂા.૧૨.૧૭ લાખના ચેક રિટર્ન કેસ કોર્ટમાં સાબિત નહીં થતા કંપનીના ડાયરેકટરનો નિર્દોષ છુટકારો

## માલ ખરીદ કરતી વખતે સિક્યુરિટી પેટે આપેલ ચેકનો ફરિયાદીએ ગેર ઉપયોગ કર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ હાઈવેના પીપળીયા ટોલનાકા પાસેની પેઢી કરવામાં આવેલા રૂપિયા ૧૨.૧૭ લાખનો ચેક રિટર્નનો કેસ અદાલતમાં સાબિત નહીં થતા કંપનીના ડાયરેકટર આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે.

રાજકોટ-ગોંડલ હાઈવે ઉપર પીપળીયા ટોલ પ્લાઝા પાસે ઈન્ડસ્ટ્રિયલ પાર્કમાં આવેલ જાયો પ્લાસ્ટના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર જયેશ રમેશભાઈ વોરા પાસેથી બ્યુટીફુલ એક્ષ્ટ્રુશન પ્રા. લી. વતી ડાયરેક્ટર શાન્તનુ ગુમાએ જુદા-જુદા સમયે માલ ખરીધો હતો. તે માલ પેટે બાકી લેણી નીકળતી રકમ જયેશ વોરાએ માંગણી કરતા શાંતનુ ગુમાએ તેમની કંપનીનો ચેક રૂપિયા ૧૨.૧૭ લાખનો આપેલ હતો, જે ચેક બેંકમાં વષ કરાવતા તે ચેક ફન્ડ ઈન્સફિસિયન્ટની નોંધ સાથે પરત થયો હતો. જેથી જયેશ વોરાએ કંપનીના વકીલ મારફત લીગલ નોટીસ આપ્યા બાદ શાંતનુ ગુમા અને બ્યુટીફુલ કંપની વિરૂધ્ધ નેગોશીયેબલની સ્પે. કોર્ટમાં ચેક રિટર્ન અંગેનો ફોજદારી કેસ દાખલ કર્યો હતો. જે કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા આરોપી તરફથી એવો બચાવ લેવામાં આવેલ હતો કે હાલનો ચેક કાયદેસરના બાકી લેણા પેટે આપવામાં આવેલ નથી. ફરિયાદી તરફથી જે માલ મોકલાવવામાં આવેલ હતો, તેના બિલની રકમ આરોપીએ ચુકવી આપેલ છે અને આરોપીના એકાઉન્ટ સ્ટેટમેન્ટ મુજબ કોઈ રકમ બાકી રહેતી નથી. વાસ્તવમાં ફરિયાદીને સિક્યુરિટી પેટે ચેક આપેલ ચેકનો ફરિયાદીએ ગેરઉપયોગ કરેલ છે. તે તમામ રજુઆતો અને દલીલોને ધ્યાને રાખી રાજકોટના સાતમા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જે. એસ. પ્રજાપતિ આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કર્યો છે. આ કામમાં આરોપી વતી વકિલ સંજય એન. કવાડ, આકાશ એસ. બાટવીયા, સંજયસિંહ આર. જાડેજા, રાજેશ એન. મંજુસા, હાદિક એમ. પાઠક રોકાયા હતા.

# જીવદયા પ્રેમીઓ અને પોલીસે કતલખાને લઈ જવાતા ૧૪૭ ભુંડના જીવ બચાવ્યા

## વિંછીયા પોલીસે ટ્રક ચાલક સહિત ત્રણની ધરપકડ કરી રૂા.૫.૭૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિંછીયાના થોરિયાળી ચેક પોસ્ટ પાસે પોલીસે જીવદયા પ્રેમીની મદદથી ટ્રકમાં ભરીને કતલખાને લઈ જવાતા ૧૪૭ ભુંડને બચાવી ટ્રક ચાલક સહિત ત્રણ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

વિગતો મુજબ વિંછીયા પોલીસે કૃપા ફાઉન્ડેશનના પ્રમુખ જયેન્દ્રભાઈ અનિલભાઈ ચંદવાણિયાની ફરિયાદ પરથી રાજસ્થાનના છોટુલાલ સુવાલાલ ભૂરજી, રવિકુમાર મુન્નાલાલ અને ગુલાબરામ ભાંડ સામે ગુનો નોંધયો હતો જેમાં ફરિયાદમાં જણાવાયું હતું કે, ગત તા. ૬ના જીવદયા પ્રેમી જયેન્દ્રભાઈને બાતમી મળતા તેમને પોલીસને જાણ કરી હતી અને પોલીસ દ્વારા થોરિયાળી ચેક પોસ્ટ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને વાહનો તપાસતા GJ-03-bw-8832 નંબરના ટ્રકમાં ૧૪૭ ભૂંડ મળી આવ્યા હતા જેને આરોપીઓ દ્વારા કતલખાને લઇ જવામાં આવી રાત હતા. પોલીસ આ ત્રણેય શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરી હતી. અને જીવદયા પ્રેમીની મદદથી ભુંડને મુક્ત કરાવ્યા હતા.

# આજી વસાહત પાસે ખોડિયારપરામાં ૨૪ બોટલ દારૂ સાથે શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના આજી વસાહત ખાતે ખોડીયારપરામાંથી બે ડઝન દારૂની બોટલ સાથે એક શખ્સને પોલીસે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ થોરાળા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન આજી વસાહત ખોડીયારપરા વિસ્તારમાં આવેલા શુલભ શૌચાલય પાસે એક શખ્સ વિદેશી દારૂના જથ્થા સાથે ઊભો હોવાની બાતમીના આધારે પોલીસ ટીમે દરોડો પાડયો હતો. દરોડા દરમ્યાન આરોપી કિશોર ઉર્ફે કિશો મોહનભાઈ પરમાર નામના શખ્સને ઝડપી લીધો હતો અને પોલીસે તેની તલાસી લેતા તેની પાસેથી રૂ.૪,૪૪૦ ની કિંમતની ૨૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી દારૂ ક્યાંથી અને કોના માટે લાવ્યો હોવા સહિતની પૂછપરછ હાથ ધરી તપાસનો દોર લંબાવ્યો છે.